**સુવિચાર**
મા-બાપ બાળકને સદ્‌વર્તનનો પહેલો પાઠ શીખવે તે દિવસથી બાળકનાં ભણતરની શરૂઆત થઈ ગણાય.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૫/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ વૈશાખ વદ-૨ વર્ષ : ૧૫ અંક : ૧૨૨

## નવું બસ પોર્ટ મહિનાઓથી બની રહ્યું હોય હંગામી બસ સ્ટેન્ડ નર્કાગારની સ્થિતિમાં

# આે રામજી : અમરેલીનું બસ સ્ટેન્ડ શરૂ કરાવવા મદદ કરો

**આજથી ૬ વર્ષ પહેલા નવું બસ પોર્ટ બનાવવા માટે જુના બસ સ્ટેન્ડને તોડી પડાયું અને હંગામી બસ સ્ટેન્ડ સુવિધા વગરનું શરૂ થયું**

**૬ વર્ષનાં લાંબા સમયમાં વિશાળ ઈન્ટરનેશનલ કક્ષાનું એરપોર્ટ બની જાય પરંતુ એક બસ પોર્ટ બનતું નથી**

**ભૂમિપૂજન વખતે રાજકીય આગેવાનોએ નિર્ધારિત સમયે બસ પોર્ટ શરૂ થવાની આપેલ ખાત્રીનું સુરસુરિયુ થયું**

**એકાદ ધારાસભ્ય કે સાંસદ મુસાફરવર્ગમાં નવું બસ પોર્ટ શરૂ કરાવવા આગળ આવે તેવી માંગ ઉભી થઈ**





અમરેલી, તા. ૬
અમરેલી શહેરનાં એકમાત્ર સેન્ટ્રલ હંગામી બસ સ્ટેશનમાં સામાન્ય વરસાદ પડતાની સાથે જ કિચડનું સામ્રાજય છવાય જતાં મુસાફરોની હાલત "જાયે તો જાયે કહાં" જેવી કફોડી બનેલ છે. બેદરકાર–નિંભર તંત્ર ધ્વારા મુસાફરોને કિચડરાજમાં સપડાવવા સામે ભારે રોષની લાગણી છવાયેલ હતી.
પ્રાપ્ત વિગત મુજબ અમરેલીનાં નવા બસ સ્ટેશનનું નિર્માણકાર્ય છેલ્લા છ વર્ષથી ગોકળ ગતિએ ચાલી રહેલ છે. ત્યારે નવા બસ

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીની સુચનાથી એસઓજીનો સપાટો

## સાવરકુંડલામાં ગેરકાયદેસર ઈ–સીગારેટ તથા અલગ અલગ સુગંધની તમાકુનું વેંચાણ ઝડપાયું

**એક ઈસમની રૂપિયા ૧૨૬૦૦નાં મુદ્દામાલ સાથે અટકાયત**

અમરેલી, તા. ૬
અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહએ એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેકટર એસ.જી દેસાઈ તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જિલ્લામાં ઈ–સીગારેટ તથા અન્ય કાનૂની ચેતવણી વગરની તમાકુનાં ઉત્પાદનોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતાં ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા

અનુસંધાન પાના ૬ ઉપર



### સીટીપીઆઈનાં માર્ગદર્શન તળે કામગીરી

## અમરેલીનાં સીટી મોલ કોમ્પ્લેક્ષમાં બીલ વગરનાં મોબાઈલ સાથે એક ઈસમની અટકાયત

**રૂપિયા ૧.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે થયો**

અમરેલી, તા. ૬
અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહએ અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર રીતે વેંચાણ થતાં મોબાઈલ ફોન તથા ગેરકાયદેસર પ્રવૃતિ અટકાવવા સારૂ સુચના આપેલ હોય જે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક જે.પી. ભંડારીનાં માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ડી.વી. પ્રસાદની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ અમરેલી



ટાઉનમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ચોક્કસ બાતમી આધારે અમરેલી, રાજકમલ ચોક, સીટીમોલ કોમ્પ્લેક્ષમાં આવેલ એક મોબાઈલની દુકાનમાંથી અલગ અલગ કંપનીના કુલ મોબાઈલ નંગ–૦૯ કિ.રૂા. ૧,૧૪,૦૦૦/–નાં સાથે શૈલેષભાઈ ગોસાઈ રે. પ્રતાપપરાને સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

### તાલુકા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા

## જાફરાબાદ પંથકમાં ગેરકાયદેસર રીતે તમાકુનું વેચાણ કરનાર વેપારીઓ સામે કાર્યવાહી

**૯ દુકાનધારકો પાસેથી ૧૮૦૦ રૂપિયાનો દંડ વસુલાયો**




તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૬
જાફરાબાદ તાલુકામાં તાલુકા આરોગ્ય વિભાગની ટોબેકો કંટ્રોલ ફોર્સ દ્વારા તમાકુ વિરોધી ઝુંબેશ હાથ ધરી દંડ વસુલાયો હતો.
તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ (કોટપા ૨૦૦૩) કાયદાની અમલવારી, દંડ અને

અનુસંધાન પાના ૬ ઉપર

**ડૉ. વિવેક જોષી** M.B.D.P.M. FIPS.MIAPP
ન્યુરોસાઈકિયાટ્રિસ્ટ
મગજ • માનસીક રોગ • જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત
વ્હાઈટ હાઉસ, બીજો માળ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૯૦૯૯ ૪૧૩૧૦
કિલનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

■ રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (આરસીટી)
■ દાંતનો સડો કાઢીને તેમાં ચાંદી/ડેન્ટલ સીમેન્ટ પુરવી
■ મેટલ અને સીરામીક ફિકસ દાંત
■ પેઢાની સફાઈ તથા સર્જરી
■ ચોગઠા બનાવવા
■ ડેન્ટલ ઈમ્પલાન્ટ (સ્ક્રુ વડે દાંત ફીટ કરવા)
■ વાકાચુકા દાંતની સારવાર
ડૉ. તુષાર બોરાણીયા (B.D.S.)
દાંત તથા પેઢાના રોગોનાં સર્જન
દાંતના મુળની સારવારના નિષ્ણાંત
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી–૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૦૩૦૦

**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઇ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત
**સ્કૂલ-હોસ્ટેલમાં પ્રવેશ શરૂ (૨૦૨૩-૨૪)**
■ ક્વોલીફાઈડ અને અનુભવી નિષ્ણાંત શિક્ષકોની ટીમ દ્વારા શિક્ષણકાર્ય
■ સૌથી ઓછી ફીમાં AC સ્માર્ટ કલાસ સાથે શ્રેષ્ઠ શિક્ષણ આપતી એકમાત્ર સંસ્થા
■ અદ્યતન અટલ ટીકરીંગલેબ - કમ્પ્યુટર લેબ - સ્કીલ સ્કૂલ - સાયંસ લેબ દ્વારા પ્રેકટીકલ શિક્ષણ કાર્ય
■ સ્પોર્ટ્સ ક્ષેત્રે જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ કેમ્પસમાં જ કાર્યરત
■ નિ:શુલ્ક ટ્યુશન અને એકસ્ટ્રા કલાસીસ
■ ડેઇલી ટેસ્ટ, રીપીટેડલી, કવાર્ટરથી પરીક્ષા દ્વારા નિયમિત વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન
■ ડિઝીટલ ટેકનોલોજીનાં માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓની ડેઇલી એકટીવીટીની વાલીઓને માહિતી
■ બોર્ડના પરિણામમાં છેલ્લા ૧૬ વર્ષથી શ્રેષ્ઠ પરિણામ આપતી એકમાત્ર સંસ્થા
■ ૧૦૦ એકરમાં પથરાયેલા શ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રકચરથી સુસજ્જ કેમ્પસમાં બહેનો અને ભાઇઓ માટે અલગ અલગ હોસ્ટેલ
બાળકોના ઉજ્જવળ ભવિષ્યના ઘડતર માટે વિદ્યાસભા મેનેજમેન્ટ વાલીશ્રીઓને રૂબરૂ મુલાકાત માટે આવકારે છે
જુજ સીટ જ બાકી હોય, વહેલા તે પહેલાના ધોરણે તત્કાલ પ્રવેશ મેળવી લેવા વિનંતી
સ્કૂલ કાર્યક્ષેત્ર: બાલમંદિર થી ધો. ૧૨ આર્ટસ / કોમર્સ / સાયન્સ ગુજરાતી અને ઇંગ્લીશ મિડીયમ સ્કૂલ ગર્લ્સ અને બોયઝ
હોસ્ટેલ કાર્યક્ષેત્ર: ધોરણ-૪ થી ૧૨ ગર્લ્સ અને બોયઝ
અમારું શિક્ષણકાર્ય એ જ અમારી વિશેષતાઓ
ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઇંગ્લીશ મિડીયમ સ્કૂલ
લાઠી રોડ, અમરેલી. ફોન નં. ૯૪૨૬૨ ૩૫૩૩૫
vidyasabhasankul@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જુના કાનના મશીન પર Exchange ઓફરની સુવિધા
સરકારી નોકરીયાત, પેન્શનરો અને તેના આશ્રિતોને મશીન લેવા મળતી 100% સહાયની સુવિધા ઉપલબ્ધ
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
કાયમી સરનામું
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, જ્યુબીલી ધર્મશાળા પાસે, હોટલ એન્જલ નજીક, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે : ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
બીજાની ભૂલ કાઢવા માટે ભેજુ જોઇએ, પણ પોતાની ભૂલ સ્વીકારવા માટે કલેજુ જોઇએ.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

### ધારીની એડીશનલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં

# ખાંભાનાં હનુમાનપુર ગામનાં હત્યાનાં કેસમાં આરોપીને ૬ વર્ષની સજાનો હુકમ

### ફરિયાદીપક્ષે એડવોકેટ વનરાજભાઈ વાળા અને ઉદયભાઈ બારોટે દલીલ કરી






ખાંભા, તા. ૬

ખાંભા તાલુકાના હનુમાનપુર ગામના ચકચારી કેસના બનાવમાં મૂળ ફરિયાદી ધીરૂભાઈ નરસિંહભાઈ કલસરિયાના ભાઈ વાલજીભાઈ નરસિંહભાઈએ પોતાની જમીન ભાગવી આપેલી હોય અને જે ભાગવી જમીનમાં તહોમતદાર નંબર ૧ ગોબરભાઈ ભીમાભાઈ જાદવ, નંબર ૨ બાબુભાઈ ભીમાભાઈ જાદવ, નંબર ૩ ભીમાભાઈ બાવાભાઈ જાદવ, નંબર ૪ ઘુસાભાઈ સોમતભાઈ મકવાણા રહેવાસી બધા નવા માલકનેસ તાલુકો ખાંભાવાળા દ્વારા આ કામના ફરિયાદીની જમીનમાંથી કૂવામાંથી પાણીનો વારો ન હોવા છતાં પાણી બગાડવાના ઈરાદે મોટર ચાલુ કરતા ફરિયાદીના દીકરાએ મોટર ચાલુ કરવાની ના પાડતા આ કામના તહોમતદારોને સારૂં નહીં લાગતા એકબીજાને મદદગારી કરી લાકડી વડે ફરિયાદીના ભાઈના માથાના ભાગે માર મારેલો અને ફરિયાદીના ભત્રીજા અજયભાઈને પણ માર મારેલો. જે બનાવવામાં ફરિયાદીના ભાઈ વાલજીભાઈ નરસીભાઈનું અવસાન થતાં ઉપરોકત તમામ આરોપીઓ વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨ ), ૧૧૪ તથા જીપીએકટ કલમ ૧૩૫ મુજબની ફરિયાદ તારીખ ૬/૧૧/૨૦૧૮ના રોજ નોંધાયેલી. જેનું ચાર્જશીટ થતાં ધારીના એડિશનલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ કમલેશભાઈ પટેલની કોર્ટમાં દાખલ થતાં સેશન્સ કેસ નંબર ૫/૨૦૧૯ સદર કેસ ચાલી જતાં આજરોજ તારીખ ૪/૫/૨૦૨૩ ના રોજ ધારી સેશન્સ કોર્ટ દ્વારા આ કામના મુખ્ય આરોપી ગોબરભાઈ ભીમાભાઈને આઈ.પી.સી. કલમ ૩૦૪–એ પુરવાર થતાં આરોપીને ૬ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૧૦,૦૦૦નું વળતર ચૂકવવાનો હુકમ કરવામાં આવેલ છે. જે કેસના કામે ફરિયાદી સ્ટેટ તરફે વિથ પ્રોસિક્યુશન વકીલ વનરાજભાઈ એ. વાળા તથા વકીલ ઉદયભાઈ એચ. બારોટની ધારદાર દલીલોને ધારી સેશન્સ કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવેલી.

### કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર(નેત્રમ)ની મદદથી

# અમરેલીમાં મોટર સાયકલ શોધી મુળ માલીકને પરત કરી દેવામાં આવ્યું

### ''નેત્રમ''સેવા નાગરિકો માટે આશીર્વાદરૂપ બની




અમરેલી, તા. ૬

અમરેલી શહેરના નાગરીક પ્રવિણભાઈ ચકુભાઈ પરમાર અત્રે ''નેત્રમ' કમાન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે આવેલ અને જણાવેલ હોય કે, તેઓ માર્કેટીંગ યાર્ડ પાસે આવેલ ક્રિષ્ના ડાયનીંગ હોલ ખાતે જમવાનું પાર્સલ લેવા માટે ગયેલ હતા અને પાર્સલ લઈ પરત આવતા તેની હીરો હોન્ડા કંપનીની સ્પ્લેન્ડર પ્રો મોટર સાયકલ નંબર જીજે ૧૪ એઈ ૪૫૯૦ કોઈ લઈ ગયેલ હોય, જે અંગે અમરેલી કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ)ના સ્ટાફ દ્વારા માર્કેટીંગ યાર્ડ પાસેના સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજ ચેક કરતા ઉપરોકત ગાડી એક ઈસમ લઈ માર્કેટીંગ યાર્ડ તરફ જતો જોવા મળેલ બાદ અમરેલી સીટી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી ઉપરોકત વિગત જણાવતા તેઓ દ્વારા માર્કેટીંગ યાર્ડમાં તપાસ કરતા મોટર સાયકલ લઈ જનાર ઈસમ માર્કેટીંગ યાર્ડમાં ઉભેલ હોય, જેથી અમરેલી સીટી પોલીસ દ્વારા મોટર સાયકલ બાબતે તેની પુછપરછ કરતા સદરહું મોટર સાયકલ લઈ જનારે જણાવેલ કે, તેઓ તેના મિત્રનું મોટર સાયકલ લઈ ક્રિષ્ના ડાયનીંગ હોલમાં જમવા માટે આવેલ હોય અને મોટર સાયકલ જોયા વિના ભુલથી અન્ય કોઈનું મોટર સાયકલ લઈ આવેલ હોય, જેથી પ્રવિણભાઈ ચકુભાઈ પરમારને ખરાઈ કરી તેઓની માલીકીની હીરો હોન્ડા કંપનીની સ્પ્લેન્ડર પ્રો ગાડી નંબર જીજે ૧૪ એઈ ૪૫૯૦ પરત અપાવેલ છે.

### કોળી સમાજનાં યુવા અગ્રણી રસિક ચાવડાની માંગ

# ઉના : જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીનાં કાર્યકાળમાં થયેલ તપાસની પુનઃ તપાસ કરો

### શિક્ષણ સચિવને પત્ર પાઠવીને રજૂઆત કરાઈ

ઉના, તા. ૬

ગીર સોમનાથ જિલ્લામાં તાજેતરના જિલ્લા પ્રાથમિક શિક્ષણઅધિકારી દ્વારા પ્રાથમિક શિક્ષકોની તેમના હાજર થયાથી આજદિન સુધીની તપાસની પુનઃ તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. તાજેતરનાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીનાં કાર્યકાળ દરમિયાન નાણાકીય વર્ષ ૨૦૨૧/૨૨ અને ૨૨/૨૩ સુધીની તપાસ કરી, આ ચાલુ વર્ષ દરમિયાન પ્રાથમિક શિક્ષકોની ખાતાકીય તપાસ, ગંભીર પ્રકારની ભૂલોની તપાસ, સર્વ શિક્ષા માં થયેલ બાંધકામની તપાસ જેવી અનેક વહીવટી તપાસ કરવામાં આવે.

તેમજ પ્રાથમિક શિક્ષકો સામે આવેલ ફરિયાદ બાદ તેમની તપાસ અહેવાલની તપાસ કરવામાં આવે અને કસૂરવાર શિક્ષકો સામે લીધેલ પગલાં ની તપાસ કરવામાં આવે અને આ કશુરવાર શિક્ષકો સામે તેની ફરિયાદ અન્વયે જે પગલાં લીધાં છે તે યોગ્ય છે કે કેમ, તેમાં મામકાવાદ થયો છે તેની તપાસ કરવામાં આવે. સામાજિક, રાજકીય આગેવાનો, પદાધિકારીઓ દ્વારા સરકારની યોજનાકીય કે ગ્રાન્ટ સર્વ શિક્ષામાં થયેલ બાંધકામની તપાસની ફરિયાદ કે તપાસ બાબતે રજુઆતો કરવામાં આવી હોય તેરજુઆતો કે તપાસ અન્વયે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તપાસ કરેલ હોય તેની પણ ચકાસણી કરવામાં આવે, વીજળીકરણ અને પાણીની સુવિધાઓ બાબતે આ વર્ષો દરમિયાન એક કરતાં વધારે વખત અમુક અને ચોક્કસ શાળાઓને ફાળવવામાં આવી છે અને અન્ય શાળાઓને અન્યાય થયો હોય તેમજ સરકારી વાહનની એમ.બી.ની તપાસ કરી. ટ્રાન્સપોર્ટ ગ્રાન્ટની ફાળવણી અને મંજૂરીની તપાસ કરવામાં આવે તેવી માંગ થઈ છે.

આ મુદ્દાઓની રાજયકક્ષાનાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા તટસ્થ ટીમ બનાવી તપાસ કરવામાં આવે તેવી રસિક ચાવડા દ્વારા જિલ્લા વિકાસ અધિકારી ગીર સોમનાથ, અગ્ર સચિવ શિક્ષણ વિભાગ ગાંધીનગર, સચિવ શિક્ષણ વિભાગ(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) ગાંધીનગર, સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગર, વિજિલન્સ ટીમ, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર પાસે તપાસની માંગ કરવામાં આવી છે તેમજ જયારથી ગીર સોમનાથ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ અધિકારી આવ્યા છે ત્યારથી મામકાવાદ ચલાવતા હોય અને તપાસોમાં એક તરફી અભિગમ રાખતા હોય તેવી શિક્ષકોમાં ચર્ચા થઈ રહી છે. ત્યારે તેના કાર્યકાની પણ તપાસ થાય તેવી પણ લોક માંગ થઈ રહી છે.

**અટક બદલાવેલ છે**

આથી હું **અશોકભાઈ ગોપાલભાઈ બારૈયા** જાહેર કરૂ છું કે મારી જુની અટક **અશોકભાઈ ગોપાલભાઈ બારૈયા** હતી જે બદલાવીને મે મારી નવી અટક **અશોકભાઈ ગોપાલભાઈ દવે** કરેલ છે, હવેથી હું મારી નવી અટક **અશોકભાઈ ગોપાલભાઈ દવે** તરીકે ઓળખાઈશ.


સહી : અશોકભાઇ ગોપાલભાઈ દવે

સરનામુ : સિદ્ધિવિનાયક સોસાયટી, રાજકોટ રોડ, મુ. બાબરા, જી. અમરેલી.

### સમગ્ર સૌરાષ્ટ્રનાં સંતો–મહંતો તેમજ રાજકીય, સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં

# ધારીનાં ઝર ગામે આગામી બુધવારે શ્રી રામજી મંદિર પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે : તડામાર તૈયારીઓ

### પૂ. મોરારિબાપુનાં હસ્તે શ્રીરામ દરબારનાં દ્વાર દર્શન ખુલ્લા મુકાશે



અમરેલી, તા. ૬

ધારી નજીક આવેલ ઝર ગામે પૂ. વિજયબાપુની પ્રરેણા અને માર્ગદર્શનથી વર્ષો પુરાણા શ્રી રામજી મંદિરનો જીર્ણોધ્ધાર કરીને નવનિર્મિત શ્રી રામજી મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન આગામી ૧૦ મે ને બુધવારનાં રોજ યોજાશે.

આ તકે પૂજનીય સંતોનું સન્માન, ધર્મસભાનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં પૂ. વલકુબાપુ, પૂ. મુકતાનંદબાપુ, પૂ. શેરનાથબાપુ, પૂ. હરિહરાનંદબાપુ, પૂ. જેરામબાપુ, પૂ. લવજીબાપુ, પૂ. ભકિતરામબાપુ, પૂ. રતિદાદ અને પૂ. દિનબંધુ સ્વામી ઉપસ્થિત રહેશે.

પૂ. મોરારિબાપુનાં હસ્તે શ્રી રામ દરબારનાં દ્વાર દર્શન ખુલ્લા મુકવામાં આવશે. મુખ્ય અતિથિ વિશેષપદે કેન્દ્રીય મંત્રી રૂપાલા અને ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી ઉપસ્થિત રહેશે.

દાતાઓનાં સહયોગથી નિર્માણ પામેલ રામજી મંદિરનાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે. આ ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા દાઉદભાઈ લલીયા પરિવાર તેમજ રણવીરભાઈ શેખવા પરિવાર ધ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

### સરપંચ વિપુલભાઈ કાચેલાની રજૂઆત

# બાબરાનાં ખાખરીયા ગામે કમોસમી વરસાદથી નુકસાન

### ટીડીઓને પત્ર પાઠવીને સર્વે કરવા જણાવ્યું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬

બાબરા તાલુકાના ખાખરીયા ગામે તા. ૧૫/૦૩/૨૦૨૩ થી ૧૯/૦૩/૨૦૨૩ સુધી કમોસમી વરસાદથી ખાખરીયા ગામે ખેડૂતોના ઉભા પાકને નુકસાન થયેલ છે તેમજ ઉભા પાક ઘઉં, ચણા, ડુંગળી, ધાણા, જીરૂ, મરચા વિગેરે પાકોને નુકસાન થયેલ છે તો આ બાબતે ખેડૂતોને યોગ્ય વળતર ચુકવવા તેમજ થયેલા નુકસાનનું સર્વે કરવામાં આવે એવી માંગ ખાખરીયા ગામના સરપંચ વિપુલભાઈ કાચેલાએ ટીડીઓ સમક્ષ કરી છે.

### સાવલીયા પરિવાર દ્વારા

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમને રૂપિયા ૧૧ હજારનું અનુદાન

### સંસ્થાનાં પ્રણેતા મુકેશ સંઘાણીને ચેક અર્પણ



અમરેલી, તા. ૬

અમરેલીનાં સેવાભાવી સાવલીયા પરિવાર તરફથી માતાની પ્રથમ પૂણ્યતિથીએ માનવસેવામાં આર્થિક યોગદાન અર્પણ કરી તર્પણ કરવાનું સરાહનીય કાર્ય કરવામાં આવેલ છે. સાવલીયા પરિવારનાં સ્વ. કમળાબેન સુરેશભાઈ સાવલીયાની સ્મૃતિ વદનાસ્વરૂપ જતીન સાવલીયા પરિવાર તરફથી ''સારહી તપોવન આશ્રમ' ને રૂા.૧૧,૦૦૦ અપર્ણ કરવામાં આવેલ સંસ્થાનાં સ્વપ્તદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીએ ચેક સ્વિકારેલ આ તકે તુષાર જોષી ઉપસ્થિત રહેલ તેમ યાદીમાં જણાવાયેલ છે.

# ઉના : સીમર ગામે તળાવનું ખાતમુર્હૂત કરાયું



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૬

ઉના તાલુકાના સીમર ગામે સંજયભાઈ વાડીલાલ શાહ પરિવાર તરફથી સીમર ગામમાં ' એવરેસ્ટ ફૂડ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ' તરફથી તળાવનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં ઉના તાલુકાના ધારાસભ્ય કાળુભાઈ ચનાભાઈ રાઠોડ તથા કારોબારી ચેરમેન ભાવેશભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા અને ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે ખાત મુહુર્ત કરવામાં આવ્યુ હતું. જેમાં રવિભાઈ રાઠોડ, સીમર ગામના સરપંચ,ગામના આગેવાનો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# સાવરકુંડલાનાં વીજપડી ખાતેથી દેશી હાથ બનાવટ બંદૂક સાથે એક ઈસમની અટકાયત

### ઝડપાયેલ ઈસમ કોડિનાર વિસ્તારમાં ગુન્હાનાં કામે ફરાર હતો



અમરેલી, તા. ૬

અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટરની રાહબરી હેઠળ એલસીબી ટીમે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકીકત આધારે વીજપડી, જાંબુડા રોડ, મોટી ધાર પાસેથી સલીમ લાકડ રે. સાવરકુંડલાની દેશી હાથ બનાવટની બંદૂક (અગ્નિશાસ્ત્ર) સાથે પકડી પાડેલ છે.

અગ્નિશસ્ત્ર સાથે પકડાયેલ ઈસમ વિરૂધ્ધ આર્મ્સ એકટ હેઠળ કાર્યવાહી કરી આરોપી અને મુદામાલ વધુ તપાસ અર્થે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

તેમજ મજકુર ઈસમ ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર પોલીસ સ્ટેશનનાં ગુન્હાના કામે નાસતો ફરતો હતો.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પટેલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.બી. ગોહિલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.ડી. સરવૈયા તથા એએસઆઈ જે.કે. ચૌહાણ તથા એએસઆઈ બી.ડી. ભીલ તથા એએસઆઈ જી.જી. મકવાણા તથા હેડ કોન્સ્ટેબલ નિકુલસિંહ રાઠોડ તથા પોલીસ કોન્સ્ટેબલ રાહુલભાઈ ઢાપા ધ્વારા કરવામાં આવેલ છે.

### નિરાધારનો આધાર સાબિત થઈ રહ્યાં છે

# સાવરકુંડલા : ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાની સેવાની સુવાસ પ્રસરી

### સરકારી યોજનાઓ છેવાડાનાં માનવી સુધી પહોંચાડી રહ્યાં છે



સાવરકુંડલા, તા. ૬

સત્તા ભાવ નહીં પરંતુ સેવા ભાવ.. અમરેલી ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા એક વિરલ વ્યકિતત્વ. લોકસેવાના ખરાં પ્રહરી જન સેવામાં અને લોક સેવામાં અગ્રેસર એવા અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાના જનસેવા કાર્યાલય ઉપરથી અસંખ્ય લાભાર્થીઓ આજે પણ હસતા મુખે જાય છે અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાની જો વાત કરીએ તો સેવાનો એક પણ મોકો ન ચૂકનાર અને દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની દરેક યોજનાઓ જનજન સુધી પહોંચાડનાર તથા પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલ સાહેબની સૂચના અને માર્ગદર્શન નીચે જયારથી જનસેવાકાર્યાલય ચાલુ કર્યુ છે ત્યારથી આજ સુધી અસંખ્ય રેકોર્ડ બ્રેક સાવરકુંડલા લીલીયા મત વિસ્તારના લોકોને યોજનાઓનો લાભ પહોંચાડયો છે અને લોકોની દરેક મુશ્કેલીઓની અંદર સાથે ખંભે ખંભો મિલાવી અને ઊભા રહેનાર તરીકે સુરેશ પાનસુરીયાનું નામ અગ્રેસર રહ્યું છે, ખેડૂત સન્માન નિધિના E-KYC કાર્યક્રમમાં તો સુરેશ પાનસુરીયાએ ગામડે ગામડે કોમ્પ્યુટર ઓપરેટરોને મોકલી અને ખેડૂતો આ યોજનાથી વંચિત ન રહે તે માટે દરેક ખેડૂતોને પોતાના ઘર આંગણે E-KYC કેમ્પનું ભવ્ય આયોજન પણ કરેલું. વાવાઝોડાની પરિસ્થિતિ હોય કે જિલ્લાની અંદર લોહીની તંગી હોય કે કોરોના જેવી વૈકિ મહામારી હોય આ હરેક સમયે સુરેશ પાનસુરીયાની સેવાની અમરેલી જિલ્લાએ ઐતિહાસિક નોંધ લીધી છે આજે પણ આ જનસેવા કાર્યાલય ઉપરથી અસંખ્ય લાભાર્થીઓ સેવાનો લાભ પ્રાપ્ત કરી રહ્યા છે આવા બાહોશ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા આજે પણ લોકોના દિલમાં અકબંધ છે.

# એક વખત એવું બન્યું (કોમર્શિયલ બાંધકામ તોડી પાડયું)

**ભાગ-૧૬**

**(કોલમિસ્ટ પોતે જયારે મામલતદાર તરીકે સરકારમાં ફરજનિષ્ઠ હતા એ સમયની કેટલીક યાદગાર ઘટનાઓ આપને આ શ્રેણીમાં વાંચવા મળશે.)**

લગભગ એક વર્ષ કપાત પગારી રજા ભોગવ્યા બાદ સારા તાલુકામાં પોસ્ટિંગ મળ્યું. બપોરે ત્રણ વાગ્યે બદલીના ઓર્ડર થયા અને મામલતદાર બાબરા તરીકે મારી નિમણૂંકના સમાચાર મળતા ફરીથી એ જ મસ્તીથી કામ કરવા મળશે એ વિચારતા મજા પડી ગઈ. માત્ર દશ મિનિટમાં તૈયાર થઈને જૂનાગઢથી કલેકટર કચેરી અમરેલી મારી ફરજ પર હાજર થવા રવાના થયો. પાંચ વાગ્યે અધિક કલેકટર સાહેબશ્રીની ચેમ્બરમાં હાજર હતો. સાહેબે ખૂબ આશ્ચર્યથી મને પૂછ્યું કે કયારે ઓર્ડર થયા ? મેં કહ્યું સાહેબ હમણા ત્રણ વાગ્યે. સાહેબ કહે બે કલાકમાં હાજર થવા પણ પહોંચી ગયા ? મેં કહ્યું સાહેબ ઘણા સમયથી રાહ જોઈ રહ્યો હતો. ઓર્ડર વોટ્સએપમાં જોયો કે તરત ઉપડીને હાજર થયો. સાહેબ ખુશ થયા. બાબરા તાલુકાની આંટીઘૂંટી વિશે મને થોડી સલાહ આપી અને શુભેચ્છાઓ આપી રવાના કર્યો. હું પરત જૂનાગઢ આવ્યો. આ દિવસ શુક્રવાર હતો અને શનિ-રવિ રજા.

સોમવારે સવારે અગીયાર વાગ્યે હું બાબરા પહોંચ્યો. મારા નાયબ મામલતદાર મહેસૂલ પુંજાભાઈ મકવાણા અને રિસીવ કરવા કચેરીની બહાર આવ્યા. તેમના ચહેરા પર એક ઉત્સુકતા હતી મને જોવાની. મારી ચેમ્બરમાં મને લઈ ગયા અને અગાઉના અનુભવોની જેમજ ચેમ્બર બેસવાલાયક તો બનાવવી પડશે એવો વિચાર સૌ પ્રથમ આવ્યો. પુંજાભાઈ મને કહે સાહેબ ખૂબ સારૂં થયું કે આપ જેવા અધિકારીની બદલી બાબરા થઈ. આપ વિશે ઘણું સાંભળ્યું છે. બાકી હવે મારી કેપેસીટી વધીને બે ચાર દિવસની જ હતી. હું ખૂબ કંટાળ્યો હતો અને રજા પર ઉતરી જવાનું વિચારી રહ્યો હતો. મેં કહ્યું કે મકવાણાભાઈ, હવેનો સમયગાળો એ તમારી આખી કારકિર્દીનો શ્રેષ્ઠ સમયગાળો શરૂ થવા જઈ રહ્યો છે એટલે મોજ કરો. ત્યારબાદ એક પછી એક સ્ટાફ મિત્રો મને મળવા આવવા લાગ્યા. વોટ્સએપ અને ફેસબુક જેવા સોશિયલ મીડિયાના માધ્યમથી યંગ જનરેશને તો મારી આખી પ્રોફાઈલ જોઈને મારી કામગીરી કરવાની પદ્ધતિ વિશે માહિતીઓ મેળવી લીધેલી. બાબરામાં મેં એ પણ માર્ક કર્યુ કે, આપણા આવ્યા પહેલા જ આપણી અને આપણી કામગીરીની હવા ફેલાઈ જતી હોય છે અને ભવિષ્યમાં ઉદ્ભવી શકે એવા નેવું ટકા પ્રશ્નો તો આપમેળે જ સમાધાન થઈ જતું હોય છે. ગામના કેટલીક ઉપદ્રવીઓ ગામમાંથી ખોવાઈ જતા હોય છે. કોઈપણ પ્રકારની ખાસ સૂચના કે ઠપકા વગર ઓટોમેટિક તમામની કામગીરી સારી થવા લાગે છે.

બાબરા મારો સમયગાળો લગભગ દોઢ વર્ષનો રહ્યો. આ સમયગાળા દરમિયાન મારા કચેરી સ્ટાફે મને દરેક કામગીરીમાં ખૂબ સારો સહકાર આપ્યો અને અમરેલી જિલ્લાનો સ્ટાફ પણ એકંદરે ઘણો સારો. મારી કચેરીના કારકુનો ચુડાસમાભાઈ, વરૂભાઈ, કલોત્રાભાઈ, મારા રેવન્યૂ તલાટી તેરૈયાભાઈ, જગોદણાભાઈ, કુલદીપભાઈ, ધંધુકિયાભાઈ ખૂબ હોશિયાર. એમની પાસેથી મને ઘણું શીખવા મળ્યું. હું હાજર થયો એટલે નજીકના જ દિવસમાં એક એવો સરકારી કાર્યક્રમ હતો કે જેમાં ચાર ચોપડી ભણેલા પદાધિકારીઓ અમારી જેવા જી.પી.એસ.સી. પાસ કરેલા અધિકારીઓના ઉધડા લઈ શકે. એનું નામ લોકસંવાદ સેતુ. આ કાર્યક્રમમાં પ્રજાની હાજરીમાં તાલુકાના અધિકારીનું અપમાન થતું હોય એવું અનુભવાતું. કોઈ ને કોઈ નેતાજી આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને આવે અને લોકો તેમને ફરિયાદો કરે અને જે તે અધિકારીએ જાહેરમાં તેનો જવાબ દેવાનો. આ પ્રકારના કાર્યક્રમમાં પહેલેથી જ પ્રશ્નો મંગાવી લેવામાં આવતા. નેતાજીને જવાબ દેવામાં મુશ્કેલી ન પડે એ પ્રકારના પ્રશ્નો રાખવાની અને બાકીના પ્રશ્નો કાઢી નાખવાની સૂચના અપાતી. સત્તાધારી પક્ષના લોકલ આગેવાનોને નડતરરૂપ હોય અથવા તો તેમના ફાયદામાં હોય તેવા પ્રકારના પ્રશ્ન અરજદારો ઊભા કરીને રજૂ કરાવવામાં આવતા. લોકસંવાદ સેતુની આડમાં લોકલ નાનો નેતા પોતાના ધારેલા કામો કરી આપવાની સૂચના જે તે અધિકારીઓને મોટા નેતાજી મારફત અપાવતા. ટૂંકમાં એક પ્રકારનો ખેલ કહી શકો એવો આ કાર્યક્રમ બાબરાના જલારામ મંદિર ખાતે રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં




તાલુકાના લગભગ બધા જ જાગૃત નાગરિકો અને આગેવાનો સાથે મારી પ્રથમ મૂલાકાત થઈ. આ કાર્યક્રમમાં કેટલાક અરજદારોએ જિલ્લા કલેકટરશ્રી સાથે પણ અશોભનીય ભાષામાં દલીલો કરી. તરત તો મને થોડો ગુસ્સો આવ્યો પણ પછી સ્વીકારી લીધું કે હવે આવું જ રહેવાનું.

લોકસંવાદ સેતુમાં દબાણો તોડવા બાબતના બે પ્રશ્નો હતા. મેં ઉપર જણાવ્યું તે મુજબ કદાચ આ દબાણો લોકલ રાજકીય આગેવાનોને નડતા હશે એટલે જ લોકસંવાદ સેતુમાં લીધા હશે. મેં પહેલાં તેનો અભ્યાસ કર્યો. મેં જોયું કે ખરેખર ગેરકાયદેસર ચણતર કરેલ છે અને તેનો કેસ પણ અગાઉ ચાલી ગયેલો છે. દબાણ દૂર કરવાનો હુકમ પણ કરેલ હોવા છત્તા દબાણ દૂર થયું નથી. આથી મારે તો નિયમાનુસાર જ કામ કરવાનું હતું. આથી મેં લોકસંવાદ સેતુમાં નેતાજીને આગામી પંદર દિવસમાં દબાણ દૂર થઈ જશે એવું આત્મવિશ્વાસ સાથે જણાવ્યું. મને જો એવું લાગ્યુ હોત કે અમારા ખભા પર રાખીને કોઈ નિર્દોષ વ્યકિત પર બંદૂક ફોડી રહ્યા છે તો હું સો ટકા લોકસંવાદ સેતુમાં જ નેતાજીને પસંદ પડે નહીં એવો જવાબ આપત અને કદાચ વહેલી બદલી પણ થઈ જાત.

બે દિવસ બાદ મને એક લોકલ આગેવાનનો ફોન આવ્યો. મને કહે તમે દબાણ દૂર કરવા માટે પંદર દિવસ શા માટે માગ્યા ? બે દિવસમાં દબાણ દૂર કરી આપો. હવે એક તો એક વર્ષ કપાત પગારમાં રહ્યા બાદ ફરીથી કંઈક સારૂં કહી શકાય એવું પોસ્ટિંગ મળેલું. અહીંયા પણ જો શરૂઆતમાં જ રાજકીય નેતા સાથે પંગાની શરૂઆત થઈ જાય તો અઘરૂં થઈ જાય તેમ હતું. આથી મને જરાય ગમ્યું નહીં. પરંતુ હું ગુસ્સો ગળી ગયો અને મેં એટલું જ કહ્યું કે શકય તેટલું વહેલું થઈ જશે. જેનું દબાણ હતું તે વ્યકિત મને મળવા આવ્યા. મેં તેને આડકતરી રીતે ઈશારો આપ્યો કે કોર્ટમાંથી સ્ટે આવે તો દબાણ દૂર ન થાય પણ તે વડીલે ખાસ ગંભીરનાપૂર્વક મારી વાત ન લીધી. એને એવું લાગ્યું કે પાંચ વર્ષથી કોઈ બાંધકામ તોડી શકયું નથી તો હવે આ લોકો માત્ર વાતો જ કરે છે. એટલે પંદર દિવસ પૂરા થવા છતાં પણ તેમણે દબાણ દૂર કરેલું નહીં. એટલે મેં તેમને ફરીથી બોલાવ્યા અને કહ્યું કે ભાઈ તમે તમારો સામાન અંદરથી લઈ લ્યો નહિતર નુકસાન થશે. હું હવે બે દિવસનો સમય આપું છું પછી હું દબાણ તોડવા આવીશ. તો એ ભાઈ મારી સાથે દલીલ કરવા લાગ્યા. તેમણે કોમર્શિયલ કોમ્પલેક્ષ પ્રકારનું બાંધકામ કરેલ અને દુકાનો બનાવેલ. વળી મને એવું બોલી ગયા કે સાહેબ પાંચ વર્ષમાં સાત મામલતદાર બદલી ગયા અને બધાએ ખાલી દબાણ દૂર કરવાની ધમકી જ આપી છે એટલે હવે આપ ધમકાવવાનું રહેવા દો તો સારૂં. આ વાકય બોલીને એ ભૂલ કરી ગયા કારણ કે હું વાતો કરવાવાળો કે ખાલી લુખ્ખી ધમકીઓ આપવાવાળો અધિકારી ન હતો. હું એ જ મિનિટે મારી ખુરશીમાંથી ઊભો થયો. નગરપાલિકાનું જેસીબી બોલાવ્યું અને પી.એસ.આઈ.ને સ્થળ પર પહોંચવાની સૂચના આપી. તલાટી અને સર્કલ ઓફિસરને કોમર્શિયલ જગ્યામાં દુકાન ભાડે રાખનારને દસ મિનિટમાં દુકાન ખાલી કરવા સૂચના અપાવી. અગાઉ પણ દસ દિવસ પહેલા તેમને દુકાન ખાલી કરવાની સૂચના અપાવેલ હોવા છતાં દબાણદારે કંઈ નહી થાય એવું કહેતા દુકાન ખાલી કરેલ નહિ.

લોકોને તરત દબાણ તોડવા બાબતની જાણ થતા લોકોના ટોળા એકઠા થઈ ગયા અને બાબરા તાલુકાનું હાઈવે ઉપરનું દબાણ તૂટવાનું શરૂ થઈ ગયું. અડધી કલાક જેસીબીએ મહેનત કરી પછી એવું લાગ્યું કે બીજું મશીન પણ કામે લગાડવું પડશે. નજીકમાં જ પાણી પુરવઠા બોર્ડની કામગીરી શરૂ હતી. તેના અધિકારીશ્રી ઉદેનીયા સાહેબ કે જેનો મને પછીથી ખૂબ સારો પરિચય થયો. તેમની મદદ લઈને તેમનું જેસીબી પણ આ કામે લગાડયું. (મારા વડીલ સ્નેહી મિત્ર શ્રી ઉદેનીયા સાહેબ કે જેઓ સરકારી તંત્રમાં ઘરેણા સમાન હતા. હાલ તેઓ આપણી વચ્ચે નથી રહ્યા). ગણતરીની કલાકોમાં દબાણ દૂર કરવામાં આવ્યું. ઘણા લોકોએ મને કહ્યું હતું કે સાહેબ આ દબાણ કરનાર શખ્સ ખૂબ માથાભારે છે. પરંતુ હું કહીશ કે દબાણદાર દ્વારા દબાણ દૂર કરવાની કામગીરી દરિમયાન કોઈપણ પ્રકારનો વિક્ષેપ કરવામાં આવેલ નહીં.

હવે રહી વાત બીજા દબાણની, તો સરકારી જગ્યામાં કેટલાક ગરીબ મજૂર માણસોએ કાચા મકાનો બનાવેલ. મેં મારા સિટી તલાટીને અને સર્કલ અધિકારીને બે-ત્રણ વખત ત્યાં મોકલ્યા. તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો. આપમેળે તેમના મકાનો ઉતારી લેવા અને અન્ય જગ્યાએ ફરીથી બનાવી લેવા પણ સમજાવ્યા. હું ત્યાં સ્થળ પર દબાણ દૂર કરવા ગયો ત્યારે તેમની હાલત જોઈને મારી હિંમત ચાલી નહીં. પરંતુ સરકારી જમીન પરથી દબાણ દૂર કરવું એ મારી નૈતિક ફરજ હતી. તેઓ મને દબાણ દૂર નહીં કરવા કરગરવા લાગ્યા.

મને બિલકુલ ગમતું ન હતું. નાના માણસોને હેરાન પરેશાન કરવા બાબતે હું ખૂબ મુંઝાતો હતો. મને ટોળામાંથી અમુક લોકો તેમની ભલામણ કરવા લાગ્યા. એટલે મેં તેમને મદદ માટે કહ્યું કે આપ એમને સમજાવો. અમારા જેસીબી દ્વારા એમના મકાનોને નુકસાન થશે. જો પોતાની મેળે મકાન ઉતારી લેશે તો એ સામગ્રી એમને બીજા સ્થળે મકાન બનાવવા ઉપયોગી થશે.

મારા સ્ટાફે મને એવું પણ કહ્યું કે સાહેબ આ લોકોને પ્લોટ મળ્યા હોય છે પરંતુ એ બીજાને વેચીને પોતે અહીં રહેતા હોય છે. તેમ છતાં પણ મારૂં મન દબાણ દૂર કરવા માનતું ન હતું. મેં તેમને છેલ્લા સાત દિવસ આપ્યા કે આ સાત દિવસમાં જો આપમેળે આ જગ્યા ખાલી નહીં કરી હોય તો મારે નાછૂટકે દબાણ દૂર કરવું પડશે. મેં તેમને એવું પણ કહ્યું કે તમારે તમારો માલસામાન અને મકાનની સામગ્રીઓ, ઈંટ, પાણા, લાકડાં વગેરેની હેરફેર કરવા માટે ટ્રેકટર બોલાવું પડે તો એનું ભાડું હું આપી દઈશ. એમને જયાં કોઈ નડતરરૂપ બને નહીં એવી જગ્યા ચીંધવા પણ મેં અમુક લોકોને કહ્યું. આમ દબાણ દૂર કરવાની ખાસ જરૂરિયાત ઊભી થઈ નહીં. એક સિદ્ધાંત મારો અકબંધ રહી ગયો કે નાનાં અને નબળા લોકોને હેરાન કરવા નહીં.

સાત દિવસ બાદ એક મકાનનું દબાણ નાછૂટકે તોડવું પડયું. એ બાબતે મેં પછીથી એમને મારી અંગત રીતે વળતર તરીકે ફૂલ નહીં તો ફૂલની પાંખડીની વ્યવસ્થા કરી આપેલ, જે કોમર્શિયલ બાંધકામ તોડી પાડેલ તેમાં એક પાઉભાજીવાળાને નુકસાન ગયેલ તેને પણ મે અંગત રીતે આર્થિક સહાય કરેલ. ખરેખર એ મારી ફરજનો ભાગ નથી છતાં મારા અંતરાત્માને જે ગમ્યું એ મેં કર્યુ.

**(ઉકત હકીકત ડો.ચિંતન વૈશ્નવ લિખિત 'તેજોવધ' પુસ્તકમાંથી લેવામાં આવેલ છે.)**










<u>**પ્રકરણ-૧૩૬**</u>

**'મેરા નામ ચીન ચીન ચુ....**
**ચીન ચીન ચુ બાબા**
**ચીન ચીન ચુ,**
**રાત ચાંદની, મેં ઔર. તુ હેલ્લો**
**મિસ્ટર હાઉ ડૂ યુ... ડૂ....**
**અહા ......'**
**આઈએ મહેરબાન.. બેઠીએ,**
**જાને જા... શોખ સે લીજીએ જી.**
**ઈશ્ક કી ઈમ્તિહાન'**

પ્રિય વાચક મિત્રો ,

ઉપરના ગીતો વાંચી ને.. વાચતા વાચતા જ ઝૂમવાની ઈચ્છા થઈ ગઈ ને ? જી હા, બંને ગીતો આજેપણ એટલાજ લોકપ્રિય અને કર્ણ પ્રિય છે, ગીતા દત અને આશા જીના માદક સ્વરમાં આ ગીતોએ ૧૯૫૮માં લોકપ્રિયતાના શિખરોસર કર્યા હતા, જે ગીતો માટે સંગીત કાર આપી નૈયર સાહેબ અને ગાયિકા આ ગીતા દત અને આશાજીની સાથે ફિલ્મમાં પણ આ ગીતો અભિનેત્રી હેલેન અને મધુબાલા પર ફિલમાંકન કરવામાં આવ્યા હતા, બંને અભિનેત્રીઓમાં મધુબાલાજીની વાત તો અલગ જ છે, પણ હેલેન માટે 'મેરા નામ ચીન ચીન ચુ .... એક જેક પોટ સાબિત થઈ હતી, હેલેન આજ સુધી નૃતયાંગના ના કિરદારમાં જોવા મળ્યા જ હતા, પણ તેમની સોલો સફળતા આ ગીતથી મળી હતી, હેલેન વિષે વાત કરી ચૂકયા છીએ, છતા તાજેતરમાં જ આ કાલમ સાથે સંકળાયેલા નવા વાચક મિત્રો માટે ટૂંકમાં પરિચય આપું. હેલેનનું નામ હેલેન એન રિચાડર્સન અને ૨૧/૧૧/૩૮માં તેમનો જન્મ રંગૂનમાં થયો હતો, તેમણે ૧૯૫૧થી એટલે કે માત્ર ૧૪ વર્ષની વયથી હિન્દી સિનેમામાં કામ શરૂ કર્યુ હતું, હાવરા બ્રિજની સફળતા બાદ તેઓ એક નામાંકિત અભિનેત્રી રૂપે બહાર આવ્યા હતા, તેઓ જાણીતા લેખક સલિમ ખાનના પત્ની છે. અને આજે તેમના પરિવાર સાથે જીવન વ્યતીત કરી રહ્યા છે, હાવરા બ્રિજમાં અભિનેતા મેહમુદને પણ એક ગીતમાં ભૂમિકા મળી છે તેઓ પણ ફિલ્મોમાં હજુ નાની નાની ભૂમિકાઓ ભજવી રહ્યા છે, તેમ છતા ૧૯૫૮ તેમના માટે થોડું લકી સાબિત થયું હતું, કારણ કે આ વર્ષે તેમની રાજ કપૂર સાથે એક સુપર હિટ ફિલ્મ આવી હતી , જેમાં તેમના પાત્રને વિસ્તૃત રીતે ફિલ્મવાયું છે , જેની વાત આગળ કરીશું.

હાવરા બ્રિજ --- હાવરા બ્રિજએ હુબ્લી નદી પર કલકતા નો પુલ છે, જે તેની લંબાઈ અને બાંધકામની મજબૂતાઈના લીધે અને વિમાં લાંબો પુલ પૈકી એચએએલ છ નંબર પર આવે છે, જે ઈસટ ઈન્ડિયા કંપનીએ બનાવેલ છે, આપણે આ બ્રિજના નામથી બનેલ ફિલ્મ 'હાવરા બ્રિજ' ની વાત કરીયે તો, શક્તિ સામંતના નિર્દેશન અને, નિર્માણમાં, રંજન બોઝના કહાની અને સ્ક્રીન પ્લે, ચંદુની સિનેમા ઓટો ગ્રાફી, કમર જલાલા બાદી અને હસરત જઈ પૂરી ના ગીતો , અને આ પી નૈયરના મધુર અને વેસ્ટર્ન મ્યુજિકની છાપ ઊભી કરતું, દર્શકોને ઝૂમવા મજબૂર કરતું સંગીત, અને ગીતા દત અને આશાજીના મધુર માદક સ્વરના ગીતો આ ફિલ્મને સફળતા અપાવવામાં મહત્વનો ફાળો રહ્યો હતો. અશોકકુમાર, મધુબાલા, ઓમ પ્રકાશ, ધુમાલ, સુંદર, કામમો, મેહમુદ, હેલેન, બ્રહ્મ ભારદજ, નિર્મળ કુમાર, મીણું મુમતાઝ, મદન પૂરી, ચમન પૂરી, અને કે એનસિંગના અભિનયથી સજેલ આ ફિલ્મ ૧૯૫૮ની સૌથી સફળ ફિલ્મો પૈકી, નવમા નંબરની સફળ ફિલ્મ સાબિત થઈ હતી. હાવરા બ્રિજ ફિલ્મની કથા શક્તિ સામંત હોસ્પિટલમાં આરામમાં હતા, કારણ કે એક એકસ્માતમાં તેમને આરામ જરૂરી હતો, ત્યારે તેમણે કથા તૈયાર કરી, અને તેના મિત્ર અશોકકુમારને જાણ કરી, અશોક પણ ફિલ્મ માટે હા કહી, પણ અભિનેત્રીમાં નિમમી જે સફલતથી દૂર થતાં હતા, અને નરગિસ લગ્નની તૈયારીથીની નવી ફિલ્મો લેતા ના હતા, અને મધુબાલા તે સમયે એક ફિલ્મના બે લાખ રૂપિયા લેતા હતા, જે શક્તિ માટે વધુ હતા, ત્યારે અશોક તેમની મદદે આવ્યા અને મધુબાલાને સવા લાખમાં રાજી કર્યા અને ફિલ્મ શરૂ થઈ, હાવરા બ્રિજએ શક્તિ સામંતના નિર્માણની પ્રથમ ફિલ્મ હતી. ફિલ્મ એક થ્રીલર ફિલ્મ હતી. જે તે સમયે ઓછી બનતી હતી, દેવ અશોકકુમારના પગલે થ્રીલર ફિલ્મો આપી રહ્યા હતા, તો દિલિપ દર્શકોની પસંદ સમજી હવે પ્રેમકથાની સાથે લડાયક ભૂમિકાઓ પણ ભજવી લેતા હતા, પણ રાજ એક સાફ હૃદયના માણસની ભૂમિકામાં જ વધુ જોવા મળતા હતા.

ફિલ્મની ટૂંકમાં જોઈતો, અશોક અને ચમન રંગૂનમાં રહે છે, મોટા ધનિક વેપારી છે, પણ એક દિવસ ચમન તેમના વારસાઈ કિમતી હીરાથી જડિત ઘરેણું વેચવા, કલકતા આવી જાય છે, ત્યાં તે તેના પિતાના ઓળખીતા ટાંગા વાળા ઓમ ને મળે છે, પણ વધુ વિગત કેહતો નથી, તે એક હોટલના માલિક મદનને મળી તે ઘરેણું વેચવા કહે છે, મદન અને કે એન સિંગ ગેરકાનૂની કામ કરતાં લોકો છે, તે ચમનની હત્યા કરી છે, અને ઘરેણું જેની કિમત લાખોમાં છે તે ચોરી કરી લે છે, ચમનની લાશ તેઓ હાવરા બ્રિજ પરથી નદીમાં ફેકવા જાય છે, પણ ત્યાં ગંજેરી સુંદર જોઈ જતાં લાશ મૂકી તેઓ ભાગી જાય છે, તેમાં સુંદર એક વ્યક્તિને જોઈ જાય છે. પોતાના ભાઈના સમાચારના મળતા અશોક કલકતા જવા નીકળે છે, તે જે જહાઝમાં મુસાફરી કરે છે તેમાં મધુ તેના કાકા ધુમાલ સાથે મુસાફરી કરતી હોય છે, બંને મુસાફરી દરમ્યાન એકબીજાના સંપર્કમાં આવી એકબીજા પ્રત્યે આકર્ષાય છે,અશોક જયારે જાણે છે કે મધુ એક નૃત્ય કરનાર યુવતી છે, અને કલકતા જાય છે. તો સંપર્ક જાળવી રાખે છે.

કલકતા પહોચી,અશોક ઓમની મદદથી જાણી લે છે કે તે ઘરેણું મદન પાસે છે, અશોકના પ્રેમમાં પડેલ મધુ પણ તેને સાથ આપે છે અને કે એન અને તેના કાકા અને મદન ગેરકાનૂની કામ કરે છે તે કહે છે, પણ કે એન અશોકને મદનની હત્યા તે કરી તેનો આરોપ અશોક પર નાખી દે છે, હવે અશોકને બંને તરફથી ખતરો હોય છે, પણ મધુ અને ઓમની મદદથી તે પોલીસ ને અસલી ગુનહગાર કે એન છે તે સાબિત કરી આપે છે, પણ કે એન પોલીસના કબઝામાથી નાસી છૂટે છે, અંતિમ લડાઈ અશોક અને કે.એન વચ્ચે, હાવરા બ્રિજ પર થાય છે, અંતે કે એન પોલીસની ગોળીથી નદીમાં પ્રાણ છોડે છે, અશોક તેનું ખાનદાની ઘરેણું અને સાથે મધુ જેવુ જીવન સાથી રૂપ ઘરેણું લઈ રંગૂન જવા નીકળે છે.

ફિલ્મમાં મધુબાલાના એક માસુમિયત ભરેલ અભિનય, એના ચહેરાના હાવભાવ, અને સૌંદર્ય જોઈ દર્શકો વારંવાર થિયેટર સુધી પહોચી જતાં હતા. ખાસ મધુબાલા પર ફિલ્મવાયેલ ગીત 'આઈએ મહેરબાન. બેઠીએ જાને જા .શોખ સે લીજીએ જી. ઈશ્ક કી ઈમ્તિહાન.., આ આશાજી ના સ્વરની સાથે મનમોહક મધુની અદાઓ દર્શકોને જકડી રાખે છે, હેલેન પર ફિલ્મવાયેલ ગીત, જે રંગૂનની ડાન્સર ફિલ્મમાં ગાય છે તેવું બતાવવાનું છે, અને હેલેન પણ રંગૂનથી જ હતા, તો હેલેને 'મેરા નામ ચીન ચીન ચુ 'ગીતમાં ગીતા દતના સ્વરની સાથે દર્શકોને ઝૂમતા કર્યા હતા, તેમનું આ પ્રથમ સફળ સોલો ગીત હતું, જેમાં હેલેન એટલા આકર્ષક લાગે છે કે, યુવા દિલોની ધડકન તેજ થઈ જાય છે. ફિલ્મમાં નવ ગીતોનો સમાવેશ કરાયો હતો, ફિલ્મની સફળતામાં મધુબાલાના આકર્ષક અભિનય, આ પી સાહેબનું સંગીત અને ગીતા દત અને આશાજીના સ્વરનો મુખ્ય ફાળો રહ્યો હતો.

હવે વાત કરીશું, અશોક સાથે કિશોરની, કિશોરકુમાર આ વર્ષે પણ સફળ કલાકાર રહ્યા, એક ગાયક કરતાં તેઓ હીરો તરીખે સફળ રહ્યા હતા, આ વર્ષે તેમની બે ફિલ્મ સુપર હિટ એટલે કે વર્ષની સફળ દસ ફિલ્મો પૈકીની રહી. કિશોરની સફળ ફિલ્મોની વાત પેહલા તેમની કુલ પાંચ ફિલ્મો આવી જેમાં બે નિષ્ફળ ફિલ્મોની વાત કરીયે તો, એમ વી રમનના નિર્દેશનમાં 'ચંદન' કિશોર કુમાર, નુતન અને માલા સિંહાના અભિનય સાથે મદન મોહનના સંગીતમાં, રફી સાહેબ, લતાજી આશાજી અને ગીતા દત અને કિશોરના સ્વરના ગીતોથી યાદ કરાય છે, બેસ્ટ સાઉન્ડનો ફિલ્મફેર એવાર્ડ ચંદન ફિલ્મને મળ્યો હતો. તો સી પી દિક્ષિતના નિર્દેશનમાં કિશોર કુમાર અને નુતનથી અભિનીત ફિલ્મ 'કભી અંધેરા, કભી ઊઝાલાં.. ફિલ્મ જેનું સંગીત આ પી નૈયર સાહેબે આપ્યું છે તે કિશોરના નટખટ ગીત ' મેરા સૂરમાં બડા નિરાલા' થી યાદ કરાય છે, આગામી અંકમાં કિશોર અને અશોકકુમારની સફળ ફિલ્મો સાથે મળીશું. **આભાર.**

# જગતનાં તાતની રખેવાળી કરે જગતનો નાથ

જગતનો તાત(ખેડૂત) જે દુનિયાની જીવસૃષ્ટિનાં પેટ ભરવા ઉપર આકાશ અને નીચે ધરતી પર પોતાના ખેતરમાં એ ઉનાળાનો તડકો, શિયાળાની કડકડતી ઠંડી અને ચોમાસાના અનરાધાર વરસાદમાં રાતદિવસ જાયા વગર કઠોર પરિશ્રમ કરી પકવેલ અનાજનું બળદગાડું ભરી ખેડૂત ઘર તરફ જતો હોય જે બળ દગાડા નીચે કૂતરું ચાલ્યું જતુ હોય અને કૂતરાને વહેમ હોય કે બળ દગાડાનો વજન હું ખેચું છું. તો આ અન્ન અને અન્નદાતાનો વજન છે. તે માત્ર કૈલાશપતિનો નંદી જ ખેંચી શકે બાકી આપણને એ કૂતરાની જેમ વહેમ છે.

જેમ દ્રૌપદીનાં શિર ભગવાન શ્રીકૃષ્ણ જ પુરી શકે તેમ જગતના તાતની ઘોર તપસ્યા અને કઠોર પરિશ્રમ કરી પકવેલ અનાજનું વજન કૈલાશપતિનો નંદી જ ખેંચી શકે.

''નીચે ધરતી ઉપર આભ એ જગતનાં તાતની રખેવાળી કરે મારો દ્વવારીકાનો નાથ''

બાકી આપણે કોઈ કહીએ કે અમે ખેડૂતો માટે કાંઈ કર્યુ છે અને કરીએ છીએ. તો એ આપણને વહેમ છે. જેનાં ખેતરના રખોપા ખુદ જગતનો નાથ કરતો હોય જે પોતે જ દુનિયાની જીવસૃષ્ટિનો અન્નદાતા હોય જેને દેવાવાળો ખુદ જગતનો નાથ હોય જે ખેડૂત પુત્રને કણ વાવે મણ આપે તેને આપણે શું આપી શકવાના અને જેના માટે આપણાથી શું થવાનું...



**ચિરાગ વિનુભાઈ હિરપરા**
**મુ. પિયાવા, તા. સાવરકુંડલા**

# સમજણ એ જ નારાયણ

**'થીજી' ગયેલા શહેરમાં**
**તડકાને વેચવા,**
**ઉચકીને સુર્ય કોઈ નીકળતા**
**નથી હવે !''**
**- સાદિક કાદરી**

સમયનો એક એવો દોર પણ હતો કે જયારે માણસ બીજા માણસ માટે દોડતો, અન્ય માટે પોતાની જાતને ઘસીને ઉજળો થતો ! મુશ્કેલીમાંા મુકાયેલા સામા માણસની ચિંતા, તનાવ અને બોજને હળવો કે દુર કીર દેવામાં માણસ હરખ ગૌરવ એન ગરિમા અનુભવતા. વચનની, જીભની કિંમત રહેતી, સામી વ્યકિતનાં ભલા માટે, કલ્યાણ માટે કે હિત માટે માણસ પોતાનાં જીવની બાજી સુધી લગાવી દેતો...!! આવા અનેક કિસ્સાઓથી આપણો ઈતિહાસ





શોભી રહયો છે. મ્હેકી રહયો છે. ગાય, પાળેલા પશુઓની જાનમાલની રક્ષા માટે માણસે પોતાનાં જીવની આહુતિ આપી દીધાંના અનેક દ્રશટાંતો આપણે સાંભળેલા જ છે ને ?! આપેલા વચનને નીભાવવા માટે જાતનું બલિદાન આપવામાં જરા પણ પાછી પાની ન કરનાર એ પાણીદાર વર્ગ સમયનાં, કાળચક્રનાં પ્રવાહમાં ધીમે ધીમે લુપ્ત થતો ગયો....!!

સમયચક્રનાં પ્રવાહમાં જીવન ધોરણ ચલણો, માન્યતાઓ, વિચારધારાઓ અને બીજું ઘણું-ઘણું બદલાઈ જતું હોય છે. ઘણું તણાઈ જતું હોય છે ! અમારા શિક્ષક પૂ.કાંતીદાદા કહેતા કે મહાભારતનું યુદ્ધ એટલું વિશાળ ફલક ઉપર, અને વિનાશકારી સાબિત થયુ કે એ યુદ્ધ પછીથી જન્મેલા માણસોની ઉચાઈમાં નોંધપાત્ર ઘટાડો થઈ જવા પામ્યો !!

પછી તો સમય - સમયનું કાર્ય કરતો જ રહયો, વિદેશી સંસ્કૃતિના આક્રમણ અને અસર નીચે વર્તમાન યુગમાં બધુ જ ઘડમૂળથી બદલી જ ગયું છે. ઝડપી યુગ, ટાંચા સાધનો વચ્ચે અને બદલતા પ્રવાહોની વચ્ચે ધીરજ, શાંતા, પરમાર્થભાવ, કલ્યાણ ભાવ, રખતરખો, જેવા પાયાનાં સદગુણો જાણે કે માણસનાં સ્વભાવમાંથી જ ઓગળવા લાગ્યા છે !! ટુંકી વિચારસરણી, સ્વાર્થનો જ ભાવ, વૈભવી જીવન શૈલી માટેની આંધળી દોટે અનેક સદગુણો અને સંસ્કારોનું બાષ્પીભવન કરી નાખ્યું છે., એવા આ કપરાકાળમાં માનવતા અને મૂલ્યોને જાળવવા સૌએ સહિયારા પ્રયાસ તો કરવા જ પડશેને ?!

**આચમન : જે માણસ પોતાની જાતને પશુ બનાવે છે, તે મનુષ્ય હોવાની વેદનામાંથી છુટી જાય છે.**

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases)



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

ભાગ-૧૮

**ડાયાબીટીસના દર્દીએ ખોરાક બાબત ખાસ ધ્યાનમાં રાખવાની પરેજીઓ :**

ડાયાબીટીસના દર્દીઓ ઘણી વખત ખોટે ખોટી પરેજી પાળીને, પોતે સ્વાસ્થ્યની ખુબ કાળજી રાખે છે એવા ભ્રમમાં રાચતા હોય છે. જે વસ્તુ ખોરાકમાંથી બંધ ન કરવાની હોય એ વસ્તુ અજ્ઞાનતાથી બંધ થઈ જાય અને જે બંધ કરવી ખુબ જરૂરી હોય એ ખાવાનું બેરોકટોક ચાલુ હોય એવું ઘણા કિસ્સામાં જોવા મળે છે .

મોટી ઉંમરે જેમને ડાયાબીટીસ થાય છે એમાંથી ઘણા બધા લોકોનું કા તો વજન વધારે હોય છે અથવા પેટની આસપાસ ચરબીના થર જામેલાં હોય છે. વધુ પડતી ચરબી ડાયાબીટીસ કરવામાં અગત્યનો ફાળો આપે છે એટલે ડાયાબીટીસને કાબુમાં રાખવા માટે સૌથી અગત્યની પરેજી ખોરાકમાં કુલ કેલરી ઘટાડવાની છે, ભુખ્યા રહીને નહી, પરંતુ ઓછી ચરબી અને ઓછી કેલેરીવાળા ખોરાકને જ પસંદ કરવાની કાયમી ટેવ રાખવાથી ડાયાબીટીસના દર્દી કોઈજાતની અઘરી પરેજી કર્યા સિવાય સહેલાઈથી કાબુમાં રાખી શકે છે .

જો તંદુરસ્ત વ્યકિત પહેલેથી જ પોતાના સ્વાસ્થ્ય અને આહાર બાબત જાગ્રુત રહે તો એને ડાયાબીટીસ થવાની શકયતા ખુબ ઓછી રહે છે. અહીં જણાવેલ પરેજીના મુદ્દાઓ હકીકતમાં પરેજીના બદલે ખોરાકની સ્વસ્થ ટેવોના જ મુદ્દાઓ છે એનો અમલ દરેક તંદુરસ્ત વ્યકિત એ કરવો જોઈએ.

**વિવિધતા સભર ખોરાક ખાવ :**

રોજે રોજ એક જ જાતનો ખોરાક ખાવાને બદલે વિવિધતા પુર્ણ ખોરાક ખાઓ. એક જ જાતના અનાજ – કઠોળ – શાક કે ફળો ને બદલે રોજે રોજ અલગ-અલગ અનાજ – કઠોળ –શાક – ફળો પસંદ કરો જેથી એક પ્રકારના ખાદ્ય પદાર્થમાં રહેલી ઉણપ બીજા ખાદ્યપદાર્થ થી પુરી કરી શકાય અને વિવિધ સ્વાદ માણી શકાય.

**જેટલું વાપરો એટલું ખાવ :**

દિવસ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓ અને કસરત દ્વારા જેટલી શકિત (કેલરી) વાપરી શકો એટલી જ શકિત (કેલરી) ધરાવતો ખોરાક લો. તમે વાપરી શકો એનાં કરતા વધુ શકિત ધરાવતા ખોરાક લેવાથી તમારૂ વજન વધશે જે તમારા સ્વાસ્થ્ય માટે ખતરારૂપ સાબિત થશે. વધુ વજન ધરાવતા ડાયાબીટીસના દર્દીઓએ તો દૈનિક પ્રવૃતિ અને કસરત દ્વારા જેટલી શકિત વપરાય એના કરતા આશરે ૫૦૦ કેલરી ઓછી મળે એ રીતે ખોરાકનું આયોજન કરવું જોઈએ. જેથી ધીમે ધીમે વજન ઘટે. દર મહીને અડધો કીલો વજન ઓછું થાય અને વર્ષે ૫-૬ કીલો ઘટે તથા ઘટેલું વજન જળવાઈ રહે તો ડાયાબીટીસને નિયંત્રણમાં રાખવું સહેલું પડે છે.

**ઓછુ કોલેસ્ટેરોલ અને ઓછી સંતુપ્ત ચરબી ખાવ :**

ડાયાબીટીસના દર્દીમાં થતા મોટા ભાગના લાંબાગાળાના કોમ્પ્લીકેશન માટે કોલેસ્ટેરોલ અને ચરબી ઓછા-વતા અંશે જવાબદાર હોય છે. માંસાહાર અને ઘી-મલાઈ-તેલનો વપરાશ બંધ કરી દેવો ડાયાબીટીસના દર્દી માટે ફાયદાકારાક છે. તેલનો વપરાશ માત્ર દાળ-શાકના વઘાર પુરતો જ કરવો અને તળેલી વસ્તુઓનો વપરાશ બંધ કરવો. બધા બિસ્કીટોમાં ધમનીઓ માટે ખતરનાક હાઈડ્રોજીનેટેડ વેજીટેબલ ઘી હોય છે જેનો વપરાશ સંપુર્ણપણે બંધ કરી દેવો ઈચ્છનીય છે.

**મીઠું-સોડા-પાપડ નો વપરાશ ઘટાડો :**

ડાયાબીટીસ અને હાઈબ્લડપ્રેશર બીમારી એકબીજાની જોડીદાર છે. એક થાય એટલે બીજી બીમારી થવાની શકયતા ખુબ વધી જાય છે. આવું ન થાય એ માટે ડાયાબીટીસના દરેક દર્દીએ મીઠું-સોડા-પાપડ વગેરે સોડીયમ ધરાવતી વસ્તુઓનો વપરાશ ઘટાડી નાખવો જઢરી છે. દૈનીક ખોરાકમાં કુલ છ ગ્રામ મીઠું પુરતું છે.

ડાયાબીટીસના દર્દી એ રોજ કેટલી કેલરી ખોરાક લેવો અને કઈ પ્રવ્રુતીથી કેટલી કેલરી બળે અને સાથે આદર્શ વજન કેટલું જોઈએ તેનો ચાર્ટ સાથે આપેલ છે જે દરેક વ્યકિત માટે ખુબ ઉપયોગી થશે તો સાચવી રાખવો.

**– બેઠાડું વ્યકિત માટે ખોરાક (આશરે ૧૨૦૦ થી ૧૫૦૦ કેલરી રોજ)**

**સવારે નાસ્તો :** ઘરનો બાનવેલો એક ખાખરો અથવા એક નાની જાડા લોટની ઓછા મોણ વાળી ભાખરી સાથે ૧ કપ દુધ અથવા ચા

**બપોરે જમવામાં :** ૨ ફુલકા રોટલી , ૧ વાટકી દાળ, ૨ ચમચા ભાત, ૧ વાટકી ફણગાવેલા કઠોળ, ૧ વાટકી ગ્રીનસલાડ, ૧ વાટકી છાશ

**બપોરે :** એક કપ ચા , ૠતુ મુજબના ફ્રુટ

**સાંજે જમવામા :** ૨ ફુલકા રોટલી અથવા એક ભાખરી અથવા અડધો બાજરીનો રોટલો, ૧ વાટકી શાક, ૧ વાટકી ગાયનું દુધ

**– સામાન્ય કામ કરતી વ્યકિત માટે ખોરાક (આશરે ૧૭૦૦ થી ૨૦૦૦ કેલરી રોજ)**

**સવારે નાસ્તો :** ઘરના બાનવેલા ૨ ખાખરા અથવા એક નાની જાડા લોટની ઓછા મોણ વાળી ભાખરી સાથે ૧ કપ દુધ અથવા ચા

**બપોરે જમવામાં :** ૩ ફુલકા રોટલી , ૧ વાટકી દાળ, ૨ ચમચા ભાત, ૧ વાટકી ફણગાવેલા કઠોળ, ૧ વાટકી ગ્રીનસલાડ ,૧ વાટકી છાશ

**બપોરે :** એક કપ ચા , ૠતુ મુજબના ફ્રુટ

**સાંજે જમવામા :** ૩ ફુલકા રોટલી અથવા એક ભાખરી અથવા અડધો બાજરીનો રોટલો, ૧ વાટકી શાક , ૧ વાટકી ગાયનું દુધ

**– સખત પરિશ્રમ કરતી વ્યકિત માટે ખોરાક (આશરે ૨૫૦૦ કેલરી રોજ)**

**સવારે નાસ્તો :** ઘરના બાનવેલા ત્રણ ખાખરા અથવા બે નાની જાડા લોટની ઓછા મોણ વાળી ભાખરી સાથે ૧ કપ દુધ અથવા ચા

**બપોરે જમવામાં :** ૪ ફુલકા રોટલી, ૨ વાટકી દાળ, ૩ ચમચા ભાત,૧ વાટકી ફણગાવેલા કઠોળ, ૧ વાટકી ગ્રીનસલાડ ,૧ વાટકી છાશ

**બપોરે :** એક કપ ચા , ૠતુ મુજબના ફ્રુટ

**સાંજે જમવામા :** ૪ ફુલકા રોટલી અથવા ૨ ભાખરી અથવા ૧ બાજરીનો રોટલો, ૧ વાટકી શાક, ૧ વાટકી ગાયનું દુધ

# ગુરૂ અનુશાસન શ્રવણ સુનિ, ચલે ગણેશ મનાય ।

## અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

આ પત્રનો જવાબ બાપુજીના નામ પર ભગવાને આપેલો.

"તુમ્હારા જવાબ યથાર્થ હૈ ઔર રમાગૌરીકા પત્ર મિલા હૈ ઉસકી ઉંમરકે હિસાબસે જવાબ ઠીક હૈ.

આ રીતે મેં ભગવાનને પ્રથમવાર પત્ર લખ્યો.

**(૧૧) અબ કરિ કૃપા દેહુ વર યેહુ**

સ્કુલમાં રજા હોવાથી બાપુજી બધાને પુષ્કર ભગવાનનાં દર્શન માટે લઈ ગયા તે વખતે બાપુજીના ગળામાં કંઠી પહેરેલી જોઈ ઘરેણાંરૂપે કંઠી પહેરવાની ઈચ્છા હતી. કંઠીનાં મહિમાની ખબર ન હતી. હું બાપુજીને કહેતી, તમારા કહ્યાં પ્રમાણે બસો માળા કરૂ છું તો મને તમારા જેવી કંઠી પહેરાવો. બાપુજી કહેતાં ગુરૂદેવ આપે તો જ પહેરાય. આ બાબત તમે ભગવાનને કહેજો. પુષ્કર જતાં બાપુજીએ મારી તથા ધીરૂભાઈની કંઠી લેવાની ઈચ્છા ભગવાન પાસે વ્યકત કરી. ભગવાને કહયું "અચ્છા ધીરૂકો તો કંઠી દે દુંગા, રમાકો કયા જરૂરત હૈ ? ઉસંકો તો જન્મસે દે ચુકા હું" બાપુજી ખુશ થયા પરંતુ મને કંઠી ન મળવાથી અસંતોષ થયો. બાપુજીએ ભગવાનનાં નિશ્રમની જાણ કરતા કહયું. ભગવાન કુંવારી દિકરીઓને કંઠી નથી. પહેરાવતા કારણ લગ્નબાદ સામા પક્ષમાં ધર્મના મત ભેદ ઉભા થયા તો સહન કરવું પડે. આવી વાતો મારી સમજમાં ન આવતી. બાપુજીએ ભગવાના નિશ્રમની જાણ કહયું, ભગવાન કુંવારી દિકરીઓને કંઠી નથી પહેરાવતાં કારણ લગ્નબાદ સામા પક્ષમાં ધર્મના મતભેદ ઉભા થાય તો સહન કરવું પડે." આવી વાતો મારી સમજમાં ન આવતી. બાપુજીને રજા ન હોવાથી જયપુર જવાનાં હતા. ત્યારે મે થોડા દિવસ ભગવાન પાસે રહેવા ઈચ્છા દર્શાવી. બાપુજીની સંમતીથી ત્યાં રેહતી બહેનો સોથ રોકાઈ ગઈ.

બાપુજીના ગયા બાદ સોથ રહેતા બહેનોનાં ગળામાં કંઠી જોઈ વિચાર આવતો આ લોકો પરણેલા નથી છતાં તેમનાં ગળામાં કંઠી છે. તો ભગવાન મને કેમ કંઠી નહી આપતા હોય ? કદાચ આ બહેનો ભજન વધારે કરતા હશે માટે તેમને કંઠી આપી હશે. હવે હું પણ ભજન વધારીશ એવો સંકલ્પ કર્યો. મેં આજ સુધી કયારેય ભગવાન

**ગુરૂકે વચન સચિવ અભિનંદન સુનત ભરત હિય હિત જનું ચંદન ।**

સાથે સામેથી વાત કરેલી નહી, પરંતુ બીજા બહેનો ભગવાન સાથે એકલા વાત કરતા કે ચિઠ્ઠી દ્વારા વિચારો રજુ કરતા. આ જોઈ મને પણ થયું હું પોતે જ ભગવાનને કંઠી બાબત ચિઠ્ઠી લખી મારી ઈચ્છા જણાવું. ભગવાનને શું લખાય ? ત્યાં રહેતા બહેનોને પુછતાં તેઓ હસી પડતાં છેવટે મારી મેળે લખવા નકકી કર્યુ.

પરમાત્મ સ્વરૂપ શ્રી સદગુરૂદેવ,

સાદર પ્રણામ.

મુઝે પાંચ – દસ મિનિટ સમય દૈનેકી કૃપા કરેંગે ?

રમાકા સાદર પ્રણામ.

તે દિવસે સાંજે સમૂહમાં ભગવાન બિરાજતા હતાં. ચિઠ્ઠી નાના બાળક દ્વારા ભગવાનને પહોંચાડી બધાનાં વચ્ચે મોટેથી ચિઠ્ઠી વાંચી પરંતુ લખનારનું નામ ન બોલ્યા અને જવાબમાં કહયું, 'અચ્છા ભઈ! પાંચ ઔર દસ, પંદ્રહ મિનિટ તુમનો ભી દેગે." આ સાંભળતા વિચારોથી મને ઘેરાયું કે ભગવાન બોલાવશે તો શું અને કેવી રીતે પુછીશ ? તેમની સામે બોલી શકતી નહોતી. ફરી બીજી ચિઠ્ઠી લખી તેમાં નાના ચાર પ્રશ્નો લખ્યા.

(૧) ભગવાન મૈ પરીક્ષામે પાસ હોઉંગી યા નહીં ?

(૨) મૈ માલા તો કરતી હું પર માલામે મન કયોં નહી લગતા ?

(૩) સબકો તો કંઠી પહનાતે હો ફિર મુઝે કયો નહી દેતે ?

(૪) આપને મેરી પાઠશાલા દેખી હૈ?

– રમાકે સાદર પ્રણામ..

આ ચિઠ્ઠી પાસે રાખી ભગવાન બોલાવશે તેવી આશામાં ફરતી રહી. સાંજે છ થી રાત્રે અગિયાર સુધી રાહ જોઈ. ભગવાનનો રૂમ બંધ થતાં ફરી નિરાશાથી મારા રૂમમાં જતી રી. સવાર થતાં નિત્ય કાર્યથી પરવારી ભગવાનના દ્વારા પાસે જઈ બેસી ગઈ. આશામાં દિવસ પુરો થયો. સાંજ થતાં ભગવાનનો ભોજનનો સમય થયો. તે દિવસોમાં ભગવાન ભોજન લેતી વખતે રૂમમાં એકલા રહેતા. જમાડનાર વ્યકિત ભોજન પીરસીને બીજા રૂમામાં જતી રહેતી. ભવિષ્યમાં ભગવાન સાથે

**ગુરૂ પિતૃ માતુ સ્વામિ હિતવાની, સુનિ મનમુદિત કરિય ભલજાની ।**

રહેવાનો અવરસ મળતાં ભગવાનના શબ્દો સાંભળવા મળ્યા કે, 'ભોજન ભજન, ખજાનાં, નારી યે સબ એકાંત કે અધિકારી."

ભોજન લીધા બાદ સેવા કરનાર બહેનને બોલાવી કહયું, 'દેખો તો રમા બહાર હૈ ઉસકો બુલા દો. "લગભગ આ શિવરાત્રિનો આસપાસનો સમય હતો. મને અંદર બોલાવી દરવાજો બંધ કરી સેવા કરનાર બહેનને બહાર જવા કહયું. 'પુષ્કર રાકુટિ મકાનનાં રસોડામાં ભગવાન સગડી તાપતા બિરાજતા હતા. જીવનમાં ભગવાનના સાંનિધ્યમાં પ્રથમ જ વાર એકાંતમાં મળવાનો વાત કરવનો અવસર હતો. તેથી મનમાં ખુબ જ ગભરાટ હતો. પ્રણામ કરતા પ્રેમથી કહયું, "બૈઠો બોલો કયા કહતી હો ?" સોથ રાખેલી ચિઠ્ઠી તૈયાર હતી તે આપી દીધી.

પ્રથમ પ્રશ્નનાં જવાબમાં કહયું, "પઢોગી તો પાસ હો જાઓગી નહીં તો નાપાસ." જવાબથી મનમાં સંતોષ ન થયો. આવુ તો બધા કહે. ભગવાન અંતર્યામી છે. તેમણે પણ આવો જવાબ આપ્યો ! પરંતુ હૂં કાંઈ બોલી નહી.

બીજા પ્રશ્નનાં જવાબમાં 'અચ્છા યહ બતાવ તુમ્હે સબસે અધિક પ્રિય ચીજ કયા હૈ ? નાચના, ગાના, ખેલનાં, કુદનાં, સિનેમા દેખના, અચ્છે અચ્છે કપડે પહેનના ?

હું તો ચુપ હતી. આગળ કહે, "દેખો જો વસ્તુ તુમ્હે અધિક પ્રિય હોગી ઉસીકે અધિક વિચાર આયેંગે, યદિ તુમ્હે સબસે અધિક પ્રિય ભગવાન હૈ તો ભગવાનકે વિચાર આયેંગે, યદિ ભગવાનકે વિચાર આયેંગે તો માલા મે મન લગ જાએગા."

ત્રીજા પ્રશ્નનાં જવાબમાં કહયું, "યહા સે મેરે સાથ ચિત્રકૂટ ચલો. વહાં તુમ્હે જરૂર કંઠી દુંગા" કંઠીની વાત સાંભળીને પુર્ણ સંતોષ સોથ ખુબ ખુશ થઈ ગઈ.

ચોથા પ્રશ્નનાં જવાબમાં મૌન રહયા. ચિઠ્ઠી ફાડી નાંખી. મને મારી મનગમતી વાતનો જવાબ મળી જવાથી આ પ્રશ્નાં જવાબની ઈતેજારી નહી. તરત જ પ્રમાણ કરી ઉભી થતી હતી. ત્યાં બોલ્યા "એ, કહાં જાતી હો? અભી પંદ્રહ મિનિટ કહાં હું હૈ? તુમને તો પાંચ ઔર દસ, પંદ્રહ મિનિટ માંગીથી નઃ ?" ભગવાને બેસવા કહયું અને

**ગુરૂ વિવેક સાગર જગજાના, ચિનહિં વિશ્વ કરબદ્રર સમાના ।**

બોલ્યા, 'તુમકો તો જો પુછના થા વે. પુછ લિયા અબ કુછ પૂછના હૈ ?" માથું હવાલી ના કહી. તો હસીને બોલ્યા. 'ઈતનાં બડા સિર હિલાતી હો તો ઈતનીસી જબાન હિલાવના."

"અચ્છા અબ મૈ તુમસે પુછું ? સચ સચ બતાઓગી ? જુઠ તો નહીં બોલોગી ? " ભગવાને પ્રશ્ન પુછતાં વધારે ગભરાય ગઈ. ભગવાન તો અંતર્યામી છે. કદાચ ખોટું બોલું તો પણ તેમનાથી થોડુ છુંપુ રહેવાનું છે. પછી આમ કેમ પુછતા હશે ? ભગવાને પુછયું, "તુમ્હારી કોઈ લડકેસે મિત્રતા તો નહીં હૈ? તે સાંભળતા જ હું રડી પડી. મને થયું ભગવાન આવું કેમ પુછે છે. હું જયાં અભ્યાસ કરતી તે કન્યાશાળા હતી. મને લેકિન મેરે પાસ જો લડકિયા આતી હૈ ઉસકા કુછ ન કુછ ગપાડા રહતા હૈ, ઈસ લિયે મૈંને તુમસે ભી પુછ લિયા. અચ્છા મેં તુમસે જો માંગું વહ દોગી ? મૈં જણાવ્યું, "ભગવાન મેરે પાસ તો કુછ ભી નહીં હૈ." તો બોલ્યા, "તુમ્હારે પાસ હૈ" મેં કહયું હૈ તો જરૂર દુંગી, "અચ્છા મુઝે વચન દો કભી કોઈ લડકેસે મિત્રતા નહી કરોગી" ખુશી સાથે ભગવાનને વચન આપ્યું.

ભગવાને કહયું, 'દેખો અબ એક કામ કરના, શાલામેં તુમ્હારે સાથ મૈ જો દો લડકિયાં બૈઠતી હૈ ઉસકા સાથ તુમ છોડ દેના, " મને આ બંને છોકરીઓ વિશે કાંઈ જ ખબર ન હતી. આગળ જતાં ખબર પડી કે બંને છોકરીઓ કોઈ છોકરાઓ સાથે સંબંધ રાખતી હતી.

ભગવાનનાં આ શબ્દોમાં મારા ચોથા પ્રશ્નનો જવાબ હતો કે તારી શાળા તો શું પણ તારા વર્ગમાં સોથ ભણતી છોકરીઓને પણ જાણું છું. મેં કહયું, ભગવાન એ લોકો સોથ ન બોલું તો ખરાબ ન લાગે ?" ભગવાન કહે "યહ થોડી હૈ કિ તુમ શાલામેં જાકર ઉસસે ઝઘડા કર લો. ધીરે ધીરે ઉનસે સંપર્ક કમ કર દેના."

ભગવાન સાથે આટલી વાત કરી રૂમમાં જઈ એ દર્શન, સાંન્નિધ્ય તેમ જ શબ્દો વાગોળતી રહી અને જલ્દી કયારે ચિત્રકુટ જવાય તે શુભદિનની પ્રતિક્ષા કરતી રહી અને જલ્દી કયારે ચિત્રકુટ જવાય તે શુભદિનની પ્રતિક્ષા કરતી રહી.

ભગવાનનાં સાંનિધ્ય નાં આનંદનાં થોડા દિવસો કયારે પુરા થઈ ગયા ખબર ન રહી. "જાત ન જાને દિન અરૂરાતી..." ભગવાન પુષ્કરથી જયપુર પધાર્યા. બધા સોથ ગલતાજી શ્રી પતિત પાવનજી ભગવાનનાં ચરણોમાં પ્રણામ કરી ચિત્રકુટ જવા રવાના થયા. **(ક્રમશઃ)**

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



**ડો. ધીરજકુમાર વ્યાસ**
**મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)**
**બગસરા**

હૈયે હામ ઓગળતી રહી છે..!
પ્રભુ...!
તોય કાગળ લખવા કલમ ટળવળતી
રહી છે.

અંતરનાં દ્વારે ઝળહળતો દિપ પ્રકાશી રહ્યો છે. પણ એ જોવાની દ્રષ્ટિ કયાં ? પ્રેમ, લાગણી, સમર્પણ અને શ્રધ્ધા બધું જ હૃદય ભીતર છે. વહેતી વફાદાર પ્રેમ આનંદની નદી કયાં ? લાખો રૂપિયા આપતા ન મળ પરમાનંદ ભીતરમાં પણ ભીતરને તપાસવાની સાધના કયાં ?

આપણે પરમકૃપાળુ પાસે જઈ આ પ્રશ્નોનો ઉત્તર મેળવવાનો છે. દરેકને પોતાની ભીતર જઈ સાર્થક જીવન જીવવાના ઉત્તરો શોધવાના છે અને મારે ફફઆપણે તપ, સ્વાધ્યાય, ધ્યાન, ફઅને યોગના શરણે જવું પડશે. એકાંતનાં ઓરડે એકલા બેસી જીવી રહેલા જીવનને સુંદર સ્વપ્નોથી જોવું પડશે.

ભલે ઉંમર, ગમે તેટલી થાય, શરીર જીવંત છે. સમય સમયનું કામ કરશે. જીવમાત્રની ઉંમર વધે એટલે ઘડપણ નજી ક આવે છે. છેલ્લી ક્ષણ સુધી વિચારો અટકતા નથી : ૠષિઓએ આપણા શાસ્ત્રોમાં ચિર યૌવનનું રહસ્ય સમજાવ્યું છે.

આપણા વિચારોની અસર આપણા શરીર ઉપર થાય છે. વિચારોને ઉંમરનો ડાઘ લાયતો નથી. વિચારોને ઘડપણ આવતું નથી. કૃષ્ણના વિચારો નીતનવીન યુવાનીના હતા. કૃષ્ણે સ્વયં સાર્થક જીવનનું રહસ્ય સમજાવ્યું છે. તે માટે કૃષ્ણને સમજવા જોઈએ. આપણે સીનીયર સીટીઝન ગૃપમાં આવીએ ત્યારે સુંદર પ્રેરણાત્મક સાહિત્યનું વાંચન કરવાનું તપ કરવું જોઈએ. દરરોજ અડધી કલાક તો ધાર્મિક, પ્રેરણાત્મક,મન-ગમતું પુસ્તક સાથે રાખી તેમાં રહેલા સુંદર વિચારોને મનમાં ભરી દેવા જોઈએ.

બીજી સૌથી સાર્થક-સુખની ચાવી છે. આપણે આપણા આરોગ્યની સંભાળ લેવી. ઈશ્વરે આપેલી ઉત્તમ ભેટને ભગવાનનું મંદીર સમજી જાળવણી કરવાની છે. ઘણા આ મંદિરની સેવા-પૂજા કરવાનું ભૂલી ગયા છે. ઘોર ઉપેક્ષા કરવાથી શરીર બિમાર પડશે તો તમારો વાંક છે. દેહને ઉત્તમ સાધન ગણી શ્રેષ્ઠ રીતે તંદુરસ્ત રહેવાના સંપૂર્ણ પ્રયત્નો કરવા જોઈએ. આ માટે, યોગ્ય, અનુકૂળ ખોરાક, અનુકૂળ, ૠતુચર્ચા, દિનચર્ચા નિયમિત રીતે આરોગ્યનાં નિયમો પ્રમાણે ખાવું-પીવું જોઈએ. ઉપનિષદનો મંત્ર કહે છે : ‘‘ શરીરમ્ આદ્યમ્ ખલુ ધર્મ સાધનમ્’’–આપણું મનુષ્ય શરીર તો ધર્મનું પહેલું અગત્યનું સાધન છે. સુખનું પણ સાધન છે. શરીર બિમાર હશે તો ખાવા-પીવામાં આનંદ નહિ આવે. દીકરાના હશે તો પણ તમે લગ્ન માણી નહિ શકો. તમારા ગમે તેટલા, મિત્રો, પત્ની, પુત્રો, ભાઈ-બહેન હશે તો પણ બીમારી, રોગ લઈ શકશે નહિ. તમારું શરીર રોગી હશે તો કોઈપણ રોગ લઈ શકશે નહિ.

ખરેખર આપણું શરીર જ આપણો ઉત્તમ અને સાચો સાથી છે. જીવનભર સાથ નિભાવે છે. આપણે સગાં-સંબંધી, મિત્રો, પતિ-પત્ની, પુત્રો ગણીએ છીએ. પરંતુ સાચે જ આત્મા, શરીર, વિચારો-આપણા જીવનસાથી છે. જન્મથી શરૂ કરીને મૃત્યુ પર્યન્ત તમારો મિત્ર તમારું શરીર છે. તમારી સાર્થકતા તંદુરસ્ત રહેવાની છે. તમારે કોઈ ઉપર બોજો બનવાનું નથી. ‘‘પરાધીન સ્વપ્ને સુખ નાહિ.’’ પરાધીનતાની સ્થિતિ મૃત્યુ જેવી ભયંકર છે. મેં ઘણા દર્દીને પરાધીન અવસ્થામાં યાતનામય જિંદગી જીવતા જોયા છે. હોસ્પિટલમાં ડોકટરને કહેતા હોય... ભાઈ મને મૃત્યુનું ઈન્જેકશન આપી મારાથી આ સ્થિતિ સહન થતી નથી. ઘરે હોય તો ઘરનાં સ્વજનો આપણી સેવા કરે એ કોઈને મંજૂર છે ખરું ? પથારીમાં સંડાસ-બાથરૂમ-ભોજન. તમે બેઠા પણ ન થઈ શકો તેવી સ્થિતિની કલ્પના કરી જુઓ. માટે જ તમે તૈયાર થઈ જાઓ. સ્વસ્થ રહેવાનો સંકલ્પ કરો. સારો પૌષ્ટિક ઉત્તમ રીચ ગણાય તેવો મન ભાવ તો ખોરાક લો. ફળોને સ્થાન આપો. ડોકટરની સલાહ મુજબ જરૂર લાગતી હોય તો દવા લો, વહેલા ઉઠી કસરત કરો, યોગ કરો, પ્રાર્થના કરો, ચાલવા જાઓ, શરીરને અતિ શ્રમ ન આપો બાથરૂમ ચોખ્ખા રાખો, શરીરને સ્વસ્થ રાખવા સંપૂર્ણ કાળજી રાખો ગમે તેટલો પૈસો, સોનાનાં ઘરેણા, સ.ગા, સ્નેહી, મિત્રો તો આપણા સંબંધોની આવન-જાવન છે.

તમે જ તમારા તારણહાર છો. યોગ તમને તંદુરસ્ત રાખશે, પ્રાણાયામ તમારું આયુષ્ય વધારશે, ધ્યાન મનને તંદુરસ્ત રાખશે, ચાલવાથી હૃદય ચાલતું રહેશે. સાત્વિક ખોરાક શરીરને ટકાવશે, સદ્કાર્યો મનને પ્રસન્ન રાખશે, અતૂટ પ્રભુ પ્રત્યે શ્રધ્ધા જીવનનો પ્રવાસને આનંદમય બનાવશે...! **(ક્રમશઃ)**

# પર્વ પરિણામનું

**અનુભૂતિનાં અક્ષરો**
**- નિધિ મહેતા ‘ખુશી’ અમદાવાદ**



પરિણામનું પર્વ એટલે કે બાળકોનાં અભ્યાસું સત્રનાં પરિણામ આવવાનાં શરૂ થયા છે. ધોરણ ૧૦-૧૨ હોય કે કોલેજ હોય કે પછી બાલમંદિરથી શરૂ કરી કોઈપણ ધોરણ હોય હાલ પરિણામ આવવાનાં શરૂ થયા છે. ત્યારે આજકાલ એક નવો ટ્રેન્ડ ચાલી રહયો છે.

પોતાનાં બાળકનાં રિઝલ્ટ સાથેનાં ફોટા કે માર્કશીટનાં ફોટાને જાહેર કરવાનો સોશિયલ મિડિયા દ્વારા પછી એ જરૂરી નથી કે કોઈ ઉચ્ચ અભ્યાસનું જ રીઝલ્ટ હોય. બાલમંદિરનાં / નર્સરી ના બાળકને ૯૯% આવે તો સોશિયલ મિડિયા પર મુકાય. જો કે ખુશી વહેચવાથી વધે વાત સાચી પરંતુ જે આપણા સ્વજન હોય એની સાથે વળી, ખરેખર આ ટ્રેનડથી કયાંક ને કયાંક આપણે આપણા બાળકને પણ સાઈકોલોજીકલી હાનિ પહોંચાડીએ છીએ કેમ કે આવું કરી એ બાળકને મળતા લાઈક, કમેન્ટસને ઓપ્રિસીએશન એને જે તે સમયે ખુબ ખુશી આપશે. પણ સાથે કાયમ સારૂ જ પર્ફોમ કરવાનું પ્રેશર પણ આપશે. વળી જો કયારેક નિષ્ફળ થવાય તો હું શું કરીશ, લોકો શું વિચારશે જેવા નેગેટિવ વિચારો અને ગ્લાનિ પણ, જે તેના વિકાસમાં અવરોધક બનશે કાં તો આવી એકાદ સફળતા અને વર્ચ્યુલ વખાણથી બાળક ઓવરકોન્ફીડન્ટ બનશે.

વળી જયારે આપણે આપણા બાળકનાં પરિણામને આ રીતે જાહેર કરીએ ત્યારે કયાંક કોઈ પરિવારમાં જે બાળક સારૂ પર્ફોમ નથી કરી શકતું તેને આ ફોટાઓ બતાવી સતત નીચુ દર્શાવાય. ત્યારે કોઈ બાળક પોતાને નકામું કે નિરર્થક સમજવા લાગે. જો કે દરેક બાળક અલગ હોય છે અને તેની શકિતઓ પણ કોઈ પણ પરિણામ એ એનું આખુ જીવન નકકી ના કરી શકે. બની શકે કે કાયમ ૧૦૦% માર્કસ સોથ ઉર્તીણ થનાર ઉતમ વિદ્યાર્થી જીંદગીની પરિક્ષામાં હારી જાય. તેનામાં જીવનની સમસ્યાઓ સાથે લડવાની સુઝબુઝ ન પણ હોય અને એક સાવ ઠોઠ કે ડબ્બાટુલ વિદ્યાર્થી ભવિષ્યમાં ખુબ પ્રગતિ કરે. સારામાં સારી ઉંચાઈએ પહોંચે અને જીવનની પરિક્ષામાં ફુલઓનું માર્કસથી ઉર્તિણ થાય. તો શા માટે કોઈ પણ બાળકને માત્ર તેનાં ગુણ કે ટકાવારીથી એક લેબલ લગાવી દેવું કે એનું ભવિષ્ય ભાખી દેવું ? કારણ કે આપણા આવા જજમેન્ટલ માહોલ ના કારણે કેટ-કેટલાય વિદ્યાર્થીઓનાં વિકાસ રૂંધાય છે.

આપણે એની નાની સફળતાઓને બહું મોટાઈથી બડી ચડીને દુનિયા સમક્ષ મુકીએ છીએ ત્યારે અજાણતા આપણે એ બાળક પર કાયમ સફળ જ થવાનું એવો આડકતરો બોજ લાદીએ છીએ અને નિષ્ફળ થવાનો એનો અધિકાર છીનવીએ છીએ. જેથી આવું બાળક "નિષ્ફળતા" શબ્દને વિચારી શુધ્ધા શકતું નથી. નિષ્ફળતા મળે તો શું કરવું એ તો બહુ દુરની વાત છે. જેનાં પરિણામ સ્વરૂપ કયારેક બાળક કયાંક નબળુ પડે ને ધાર્યુ પરિણામ ના મેળવી શકે ત્યારે અપરાધભાવ અનુભવે છે. પોતાની જાત પ્રત્યે ધ્રૃણા અનુભવે છે. અને એ નષ્ફિળતાને સહન કરી નથી શકતું નાશીપાસ થઈ જાય છે.

જેના પરિણામ સ્વરૂપ પરિણામનાં આ પર્વ પછી કેટલીય સ્યુસાઈડ નોટ મળે છે. શા માટે આપણા બાળકને આપણે એવો વિશ્વાસ નથી અપાવી શકતા કે આપણો પ્રેમ એના માટે એના પરિણામનો મોહતા જ નથી.`ના આંકડાકિય ગુણાંકોથી આપણો પ્રેમ પ્રભાવિત નહી થાય. અને જો આપણું બાળક સફળ થાય ત્યારે આપણો હાથ એની પીઠ થપથપાવશે. તો નિષ્ફળ થશે ત્યારે એ જ હાથ હૈયે વળગાડી હુંફ પણ આપશે. જ આ વિશ્વાસ આપી શકીએ તો કદાચ કોઈ બાળક નિષ્ફળતાથી ડરશે નહી પણ લડશે તેની સામે ...

માટે બાળકને માત્ર જીવવાનું જ નહિ. પણ હારવાનું પણ મહત્વ શીખવો અને એ હાર પચાવી શકવાની સક્ષમતા એનામાં કેળવાય એવું વાતાવરણ આપવું અને કોઈપણ બાળક પોતાનાં જીવનને નિરર્થક સમજે એવું કોઈ જ વર્તન ના કરીએ...

# ૭ મે : ‘વર્લ્ડ એથ્લેટિક્સ-ડે’

વિશ્વમાં ૭મી મે ના રોજ ‘વર્લ્ડ એથ્લેટિકસ-ડે’ ઉજવાય છે. ૨૦૦૩માં ‘વર્લ્ડવાઈડ ન્યૂબી એથલેટિક ફેડરેશન’ દ્વારા તેની શરૂઆત કરાઈ હતી. વર્તમાન સમયમાં બાળકો મોબાઈલની પાછળ ઘેલા થયા છે. એક સમય હતો જયારે બાળકો રસ્તા પર કબડ્ડી, ખો, ડબ્બા આઈસ પાઈસ, ગીલ્લી ડંડા, લંગડી જેવી રમતો રમતા હતા અને આજે આ જ રમતો છે પણ રસ્તા પર બાળકોની ભીડ નથી. એવું નથી કે આ બધી રમતો બાળકો આજે રમતા નથી, પરંતુ આ સિવાય પણ ઘણી રમતો તેઓ રમે છે પણ મોબાઈલમાં રમે છે એ મોટો પ્રશ્ન છે. શારીરિક શ્રમ, પરસેવો પાડવો, દોડાદોડી કરવી એ તો જાણે આજકાલનાં બાળકોને ગમતું જ નથી. શેરીની બહાર ચોકમાં જવું હોય તો પણ તે માતા-પિતાને વાહનમાં મૂકી જવા કહે છે એટલું પણ તે ચાલી શકતા નથી. અહીં મોટો પ્રશ્નાર્થએ છે કે માતા-પિતા પણ બાળકોની જીદ સામે ઝુકે છે અને તેમને શારીરિક શ્રમ કરતા અટકાવે છે. કેટલાક તો વળી પોતાના બાળકને ક્રિકેટ, ફૂટબોલ, ટેનીસ કે કબડ્ડી રમીને બાળક શું કરી લેશે એમ સમજીને બાળક પર ભણતરનો ખોટો ભાર નાખે છે.

લોકોનાં જીવનમાંથી ખેલ નીકળી ગયા છે તેના કારણે ખેલદીલીની ભાવના પણ તે શીખી કે સમજી શકતા નથી. એક બાજુ નીરજ ચોપરા, પીવી સિંધુ, રવિકુમાર દહિયા, મીરાબાઈ ચાનુ જેવા સ્પોટર્સ સ્ટાર્સ દેશ માટે ઓલોમ્પિકમાં જઈને વિવિધ મેડલ્સ લાવી રહ્યા છે તો બીજું બાજુ નવી પેઢીને રમત ગમતમાં કોઈ રસ પડતો નથી અને કેટલાંક બાળકો એવા હોય છે કે જેઓ સ્પોટર્સમાં આગળ વધવા માંગતા હોય છે, પરંતુ તેમને માતા પિતાનો સહકાર પ્રાપ્ત નથી થતો.આ દિશામાં લોકોએ ખરેખર જાગૃત થવું પડશે. સરકારે પણ સ્પોટર્સ ક્ષેત્રે નવી યોજનાઓ ઘડીને લોકોને જાગૃત કરવા રહ્યા.રમત ગમત લોકોને તનથી જ નહીં મનથી પણ સ્વસ્થ રાખે છે. તેનાથી સ્વાસ્થ્ય પણ સંપૂર્ણપણે જળવાય રહે છે. વર્તમાન સમયે મેદસ્વીતાને લગતી સમસ્યાઓ સામાન્ય બની ગઈ છે ત્યારે રમત ગમતના માધ્યમથી આરોગ્ય અને તંદુરસ્તી વિશે લોકોમાં જાગૃતિ લાવવાની આ ચાવી છે. આ માટે કેટલાંક પ્રયાસો કરી શકાય જેવા કે શાળા અને કોલેજોમાં રમત ગમતને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો કરવા અને રમત ગમતનાં કાયમી લેકચર્સ ગોઠવવા, વિવિધ પ્રકારનાં સ્પોટર્સને પ્રોત્સાહન આપતા કેમ્પસ સરકાર તેમજ સંસ્થાઓએ કરવા, જે બાળક આ ક્ષેત્રે આગળ વધવા માંગતું હોય તેને નાણાકીય સહાય મળી રહે તેવી યોજનાઓ ઘડવી જોઈએ જેથી દેશનું ભવિષ્ય ઉજજવળ બને.

**– મિતલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### ભાજપ અગ્રણી નીતિન રાઠોડની માંગ

# બાબરા તાલુકાને કમોસમી વરસાદથી વ્યાપક નુકસાન : સર્વે કરી સહાય કરો

## સહાયથી વંચિત રખાતા નારાજગી ઉભી થઈ

બાબરા, તા. ૬

રાજય સરકાર દ્વારા કમોસમી વરસાદના કારણે રાજયના જિલ્લા તેમજ તાલુકામાં ખેતી પાકમાં થયેલ નુકસાન અંગે સહાય પેકેજ જાહેર કરવામાં આવતા બાબરા તાલુકાનો સમાવેશ નહિ થતા આ વિસ્તારના ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સોશ્યલ મીડિયામાં ખેડૂતો અને લોકો સ્થાનિક ધારાસભ્ય અને ભાજપના અગ્રણીઓ પોતાનો રોષ વ્યકત કરી રહ્યા છે માર્ચ મહિના પેલાંથી તાલુકામાં સતત કમોસમી વરસાદ પડયો હતો અને આજ દિન સુધી વરસાદ પડી રહ્યો છે જેના કારણે શિયાળુ પાક અને ઉનાળુ પાક ને ભારે નુકસાન થયું છે તેમ છતાં બાબરા



તાલુકામાં સર્વે કરવામાં આવ્યો નથી અને કોઈપણ પ્રકારની સહાયની જાહેરાત ખેડૂતો માટે કરવામાં આવી નથી. ત્યારે બાબરા તાલુકાના કરીયાણાં જિલ્લા પંચાયતના સીટના સભ્ય અને કારોબારી સમિતિના ચેરમેન નીતિનભાઈ રાઠોડ દ્વારા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી રજૂઆત કરેલ છે કે અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદના કારણે ખેડૂતો ને નુકસાન અંગે જાહેર થયેલ પેકેજમાં બાબરા તાલુકા ની બાદબાકી કરવા માં આવી છે ખરેખર બાબરા તાલુકામાં સતત બે મહિનાથી કમોસમી વરસાદ પડી રહ્યો છે જેના કારણે શિયાળુ અને ઉનાળુ પાકને ભારે નુકસાન થતા ખેડૂતોને મોટું આર્થિક નુકશાન થયું છે ત્યારે રાજય સરકાર દ્વારા ખેડૂતોને મદદ કરવા આગળ આવી બાબરા તાલુકાના ખેડૂતો માટે સહાય પેકેજ ની જાહેરાત કરવી જોઈએ તેવી પ્રબળ લાગણી અને માંગણી જિલ્લા પંચાયતના કારોબારી નીતિનભાઈ રાઠોડ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

### ગઢડા–ગારિયાધાર રૂટની વધુ એક બસ બંધ

# દામનગર : ગ્રામ્ય વિસ્તારમાંથી એસ.ટી. બસ સેવા ક્રમશ : બંધ થતાં નારાજગી

## શાખાપુર સહિતનાં ગામોનાં સરપંચે આંદોલનની ચીમકી આપી

દામનગર, તા. ૬

ગઢડા ડેપોમાંથી ઉપડતી બપોર બાર વાગ્યે અને એક વાગ્યે ગઢડા ગારીયાધાર બસ બંધ કરવામાં આવી છે જેનાથી આજુ બાજુના ગામ ઢસા દામનગર પાડરશીંગા અને પાંચ તલાવડા નાના કણકોટ અને શાખપુર નાની વાવડી ગામના લોકોને એસટી બસની સુવિધા ભારે તકલીફ પડી રહી છે વર્ષો જુનો ચાલતો રૂટ અચાનક બે દિવસથી બંધ કરતા લોકોમાં ભારે રોષની લાગણી ફેલાય છે જેની રજૂઆત શાખપુર સરપંચ જશુભાઈ ખુમાણ પાસ તલાવડા સરપંચ ધીરૂભાઈ ખુમાણ અને નાની વાવડી સરપંચ સહિતના



આગેવાનોએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે વહેલામાં વહેલી તકે આ રૂટ શરૂ કરવામાં નહીં આવે તો રસ્તા આંદોલન કરવાની ફરજ પડશે તેવી રજૂઆત મુખ્યમંત્રી વેબ પેજ ઉપર શાખપુર સરપંચ જશુભાઈ ખુમાણ અને પાંચ તલાવડા સરપંચ ધીરૂભાઈ ખુમાણ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# વડિયા : તાલુકા સંકલન અધિકારીની મીટીંગ યોજાઈ



વડિયા, તા. ૬

વડિયા મામલતદારના અધ્યક્ષ સ્થાને આજે તાલુકા સંકલનની મીટીંગ યોજાઈ હતી. જેમાં અગાઉ વડિયા મામલતદાર કચેરી ખાતે કલેકટર દ્વારા સ્વાગત કાર્યક્રમના જે પ્રશ્નો ઉપસ્થિત થાય હતા. તેની રીવ્યુ મીટીંગ પણ સાથે સાથે લેવામાં આવી હતી જેમા વિવિધ કચેરીઓના અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા ત્યારે વડિયા મામલતદારે જણાવ્યું હતું કે ગત સપ્તાહે સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અનેક પ્રકારના પ્રશ્નો હતા ત્યારે આ તમામ પ્રશ્નોનું લગભગ નિરાકરણ આવી ગયું છે. જયારે એકાદ પીજીવીસીએલના પ્રશ્નોનુ નિરાકરણ આવ્યું નથી. જે આગામી દિવસોમાં નિરાકરણ કરવા માટે સુચના આપવામાં આવી છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૫૫ | ૧૩૬૭ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૫ | ૧૪૫૧ |
| ૩ | શિંગદાણા | ૧૩૨૫ | ૧૭૦૮ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૪૦ | ૧૭૩૮ |
| ૫ | તલ સફેદ | ૨૦૭૦ | ૩૫૭૧ |
| ૬ | તલ કાળા | ૨૪૬૦ | ૨૮૨૯ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૭૫ | ૩૦૭૫ |
| ૮ | બાજરો | ૪૧૫ | ૪૬૨ |
| ૯ | જુવાર | ૭૭૦ | ૭૭૦ |
| ૧૦ | ઘઉં બંસી | ૪૪૫ | ૪૪૫ |
| ૧૧ | ઘંઉ ટુકડા | ૩૭૦ | ૫૩૦ |
| ૧૨ | ઘઉં લોકવન | ૩૭૦ | ૪૯૮ |
| ૧૩ | મગ | ૧૩૫૦ | ૧૮૫૧ |
| ૧૪ | ચણા | ૫૬૦ | ૯૮૧ |
| ૧૫ | ચણા દેશી | ૭૪૫ | ૧૧૫૨ |
| ૧૬ | સફેદ ચણા | ૯૪૩ | ૯૪૩ |
| ૧૭ | તુવેર | ૧૨૨૨ | ૧૫૫૦ |
| ૧૮ | કપાસ | ૧૦૩૦ | ૧૬૨૫ |
| ૧૯ | એરંડા | ૯૦૦ | ૧૧૫૮ |
| ૧૯ | જીરૂ | ૩૨૦૦ | ૮૫૦૦ |
| ૨૦ | ધાણા | ૯૦૦ | ૧૬૫૮ |

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનું બસ સ્ટેન્ડ શરૂ કરાવવા

સ્ટેશનની બાજુમાં જ હંગામી બસ સ્ટેશન કાર્યરત કરવામાં આવેલ હતું. હંગામી બસ સ્ટેશનમાં એસ.ટી. બસનો લાભ લેવા સેંકડો મુસાફરો આવી રહેલ છે. ત્યારે સામાન્ય વરસાદથી જ મુસાફરો કિચડ રાજમાં સપડાય જાય છે. વરસાદમાં કિચડનું સામ્રાજય અને વરસાદની વિદાય બાદ ધૂળની આંધીમાં મુસાફરો અટવાઈ રહેલ છે. એક તરફ કિચડરાજ બીજી તરફ ગંદકીનાં ગંજમાં અટવાતા મુસાફરોને મળવાપાત્ર પ્રાથમિક સુવિધા પુરી પાડવા જવાબદાર તંત્રની ઘોર બેદરકારીનો ભોગ મુસાફરો બની રહેલ છે. છેલ્લા પાંચ વર્ષથી મુસાફરો અસુવિધાનાં ખપ્પરમાં હોમાય રહેલ છે. હંગામી બસ સ્ટેશનમાં કિચડરાજ, ધુળની આંધી, ગંદકી, પંખાનો અભાવ સહિતની અસુવિધાની હારમાળા સર્જાયેલ છે. કિચડરાજમાં મુસાફરોની હાલત દયનીય બનેલ છે. તંત્રનું કોઈ અસ્તિત્વ જ ન હોય તેવી હાલત હંગામી બસ સ્ટેશનની સર્જાયેલ છે. મુસાફરો બસ સ્ટેશનમાં પ્રવેશતા જ સંકોચ અનુભવી રહેલ છે. ત્યારે કલેકટર ધ્વારા આ દિશામાં જવાબદાર અધિકારીનાં કાન આમળવા મુસાફરોમાં માંગણી ઉઠેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલામાં ગેરકાયદેસર ઈ–સીગારેટ

જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી.પોલીસ ઈન્સપેકટર એસ.જી દેસાઈ તથા એસ.ઓ.જી ટીમ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, સાવરકુંડલા ટાઉનમાં ''સ્ટાર પાન એન્ડ કોલ્ડ્રીકસ''ની દુકાનની આડમાં આરીફભાઈ હુશેનભાઈ સેલોત પોતાના કબ્જામાં ગેરકાયદેસર ઈ–સીગારેટ તથા કાનૂની ચેતવણી વગરની અલગ–અલગ ફલેવરની તમાકુનો જથ્થો રાખી વેંચાણ કરે છે. તેવી ચોક્કસ અને આધારભૂત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતા ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકની સુચના અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર એસ.જી.દેસાઈ તથા એસ.ઓ.જી. ટીમનાં એ.એસ.આઈ. નાજભાઈ પોપટ તથા હેડ કોન્સ. જીતેન્દ્રભાઈ મહેતા તથા પો.કોન્સ. પ્રવિણસિંહ ચૌહાણ, સ્વાગતભાઈ કુંવરીયા, જયરાજભાઈ વાળા, જીગ્નેશભાઈ પોપટાણી દ્વારા કરવામાં આવેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું જાફરાબાદ પંથકમાં ગેરકાયદેસર રીતે

વસુલાત અંગે સામાજીક જનજાગૃતિ સાથે ટોબેકો કોન્ટ્રોલ સ્કવોડ દ્વારા જાફરાબાદ શહેરના જાહેર માર્ગો પર કામગીરી હાથ ધરી દંડ વસુલાયો.જેમા ૩૪ જેટલી દુકાનોનું ચેકીંગ કરીને તેમાંથી કાયદાનું ભંગ કરતા જોવા મળેલા ૯ દુકાનધારકો પાસેથી કલમ–૬ હેઠળ કાયદાના ભંગના ટોટલ ૯ કેસ કરી ૧૮૦૦ રૂપિયાના દંડની વસૂલાત કરી તેમજ તમાકુથી થતાં નુકસાન અંગેની સમજણ અપાઈ.

તમાકુનું વેચાણ કરતા એકમો, લારી–ગલ્લાઓ ઉપર તમાકુથી કેન્સર થાય તેવા આરોગ્ય વિષયક ચિત્રાત્મક ચેતવણી નામનુ સૂચક બોર્ડ સહિતના નિયમોના ઉલ્લંઘન બદલ સઘન કાર્યવાહી હાથ ધરાઈ. આ કામગીરી તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ.બી. ટાંક, મેડિકલ ઓફિસર ડો. ચિરાગ નાઢા, કાઉન્સેલર રિયાઝભાઈ મોગલ, સોશ્યલ વર્કર નરેશભાઈ જેઠવા, હેલ્થ વર્કર દિપકભાઈ તેમજ પોલીસ વિભાગમાંથી હેડ કોન્સ્ટેબલ ડોડીયાભાઈ તેમજ તેમની ટીમ દ્વારા કરાઈ હતી. જેમા રિયાઝભાઈ મોગલ અને નરેશભાઈ જેઠવા દ્વારા અમરેલી શહેર તેમજ આજુબાજુના તાલુકાઓમાં આ રીતે કાર્યવાહી કરી જીલ્લાને તમાકુ મુકત કરવામાં સારૂં યોગદાન આપવામાં આવી રહ્યું છે.

૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને તમાકુના વ્યસનથી દૂર રાખવા અને વ્યસનમુકત સમાજનું નિર્માણ કરવા માટે ડીસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ અમરેલી દ્વારા જાફરાબાદ સહિત અન્ય તાલુકાઓમાં પણ કામગીરી કરવામાં આવનાર હોવાનું ઈ.એમ.ઓ. ડો. એ.કે. સિંઘ દ્વારા જણાવેલ. તેમજ જાફરાબાદમા દંડાત્મક કાર્યવાહીની સાથે સાથે લોકોને તમાકુના વ્યસનથી દૂર રહી જાહેરમાં ધુમ્રપાન ન કરવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ.બી. ટાંક દ્વારા અપીલ કરેલ જે યાદીમાં જણાવેલ છે.


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ **કુલદિપ વિ. ભટ્ટ** એ લાગતાવળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે, **અમારા અસીલ શ્રી નુરજહા નુરૂદીન જીવાણી રે. ૪–નહેરૂનગર, આમ્રપાલી સીનેમા પાસે, રૈયા રોડ મુ. રાજકોટ વાળા એ,**

રાજકોટ જિલ્લાના રાજકોટ શહેર માં આવેલ રે.સ.નં. ૪૭૪ પૈકી બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરી વાળી જગ્યા ના પ્લોટ નં–૦૬ પૈકી, સીટીસર્વે વોર્ડ નં– ૧૬/૨, સી.સ.નં.૧૭૫૬, ચો.મી. ૨૯૪.૦૦ ઉપર આવેલ ''બેલેવ્યુ''ના નામથી ઓળખાતા રેસીડેન્સીયલ લો–રાઈઝ બિલ્ડીંગના થર્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નં–૩૦૨ જેનો કુલ કારપેટ એરીયા ચો.મી. ૭૮.૫૪ વાળી મિલ્કત અમારા અસીલશ્રીએ રજી. દસ્તાવેજ નંબર :– ૨૮૬૨/૨૦૨૧ તા. ૨૭/૦૩/૨૦૨૧ના રોજ શ્રી ફાઝલભાઈ ગુલામહૂસૈનભાઈ સોમાણી પાસેથી વેચાણ રાખેલ છે.

આ મિલકતના ઉત્તરોત્તર દસ્તાવેજોમાં રજી.વેચાણ દસ્તાવેજ નં–૨૪૨૮ તા. ૨૮/૦૯/૧૯૬૫ ના રોજ નોંધાયેલ છે, આ દસ્તાવેજમાં વેચનાર તરીકે દુધીબેન ગોવિંદલાલ પટેલના કુ.મુ. અરજણભાઈ નારણભાઈ પટેલ છે. જે કુલમુખત્યારનામા સદરહું વેચાણ દસ્તાવેજ સમયે અસ્તીત્વમાં હતું. આ મિલ્કત સબંધે અમારા અસીલશ્રી એ અમારી પાસે ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/ વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત)માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૦૭/૦૫/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
(એડવોકેટ)


## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૭૫ | ૧૪૨૭ |
| ૨ | શીંગ મોટી | ૧૦૮૧ | ૧૪૩૩ |
| ૩ | શીંગ નવી | ૧૧૦૦ | ૧૨૦૧ |
| ૪ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૧૯૦ |
| ૫ | તલ કાળા | ૨૬૦૦ | ૨૯૫૧ |
| ૬ | જીરૂ | ૭૦૦૦ | ૮૭૦૧ |
| ૭ | કપાસ | ૧૪૧૧ | ૧૬૧૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૧ | ૫૧૬ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૮ | ૫૮૦ |
| ૧૦ | બાજરો | ૪૦૭ | ૫૨૨ |
| ૧૧ | જુવાર | ૫૨૫ | ૭૮૧ |
| ૧૨ | મકાઈ | ૪૬૧ | – |
| ૧૩ | મગ | ૧૫૦૦ | ૧૭૭૬ |
| ૧૪ | ચણા | ૮૨૦ | ૯૬૫ |
| ૧૫ | દેશી ચણા | ૯૫૦ | ૧૧૨૫ |
| ૧૬ | તુવેર | ૧૩૫૧ | ૧૫૬૨ |
| ૧૭ | એરંડી | ૧૦૮૦ | ૧૨૦૦ |
| ૧૮ | મેથી | ૧૦૨૦ | ૧૨૦૦ |
| ૧૯ | રાય | ૮૫૧ | ૧૦૦૦ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૧૮૧ |
| ૨૧ | વાલ | – | ૨૪૦૧ |
| ૨૨ | સોયાબીન | ૯૧૨ | – |

### પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણીએ ખેડૂતોને પુરતુ વળતર ચુકવવા માંગ કરી

# લ્યો બોલો : ખેડૂતોને કમોસમી વરસાદથી રૂપિયા ૧.૨૭ લાખનું નુકસાન અને સહાય માત્ર ૪૭ હજાર

## SDRF મુજબ મળવાપાત્ર હોય ત્યાં મુખ્યમંત્રી કિસાન સહાયનો'ય લાભ મળી શકે છતાય ખેડૂતોને ઠેંગો

અમરેલી, તા. ૬

કમોસમી વરસાદને કારણે ખેતીને થયેલા નુકશાનને જોતા સરકારે ખેડુતોને ખાસ કૃષિ પેકેજ થકી સહાય આપી છે, જો કે ખેડુતો સરકારની આ સહાયથી ખુશ નથી કેમ કે, ખેડુતોને રૂા. ૧.૨૭ લાખ મળવાપાત્ર સહાય હતી, તેના બદલે આ ગુજરાતની ભાજપ સરકારે સહાયપેટે રૂા. ૪૬ હજાર જ ચુકવવાનું નકકી કર્યુ છે, વાસ્તવમાં ખેડુતોને માવઠાથી ખેતીને ખુબ જ નુકશાન થયુ છે. ત્યારે માત્ર એસડીઆરએફ મુજબ જ સહાય કરાય છે, પણ મુખ્યમંત્રી કિસાન યોજનાનો લાભ જ આપતી નથી.

પ્રધાનમંત્રી પાક વિમા યોજના બંધ કરાયા બાદ ગુજરાતની આ



ભાજપ સરકારે મોટા ઉપાડે મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાની જાહેરાત કરી હતી. આ યોજનાનો કેવી રીતે લાભ લેવો તે અંતર્ગત રાજય સરકારે સાત પગલા કૃષિ કલ્યાણના એવો કાર્યક્રમ યોજયો હતો દરેક જીલ્લામાં આ કાર્યક્રમ યોજીને ખેડુતોને યોજનાની સમજ આપવામાં આવી હતી.

સાત પગલા કૃષિ કલ્યાણ કાર્યક્રમ પાછળ આ ગુજરાતની ભાજપ સરકારે રૂા. ૫૦ કરોડનો ધુમાડો કર્યો હતો પણ નવાઈની વાત એ છે કે આ યોજના થકી આજદીન સુધી એકપણ ખેડુતને ફુટી કોડી ય સહાય ચુકવાઈ નથી.

આ ભાજપ સરકારે એસડીઆરએફની સહાય મળવા પાત્ર હોય ત્યાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો ય ખેડુતોને લાભ મળી શકે છતાંય આ ભાજપ સરકારે આ લાભથી ખેડુતોને વંચિત રાખ્યા છે. આથી તાત્કાલીક આ ભાજપ સરકાર ખેડુતોને રૂા. ૧.૨૭ લાખ મળવાપાત્ર છે જે ચુકવવાની માંગ પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી કરી છે.

### ધારીનાં એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં કેસ ચાલી જતાં

# ચલાલા પો.સ્ટે.નાં અપહરણ અને બળાત્કારનાં ગુન્હાનાં આરોપીઓનો નિર્દોષ છૂટકારો

## આરોપી તરફે એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૬

ચલાલા પો.સ્ટે. માં દાખલ થયેલ અપહરણ અને બળાત્કારનાં ગુન્હાના આરોપીનો નિર્દોષ છૂટકારો થયેલ છે.

આ કામનો બનાવ તા. ૨૮/૫/૨૦૧૭નાં રોજ આ કામનાં ભોગ બનનાર તથા ફરિયાદી સાથે બનેલો અને બનાવનાં દિવસે તેઓને આ કામના આરોપી નં.૧ જયસુખભાઈ અરજણભાઈ ખેતરીયાએ તેમનું અપહરણ કરી અને તેમની મરજી



વિરૂધ્ધ જુદી જુદી જગ્યાએ તેમની ઉપર બળાત્કાર કરેલો, અને ભોગ બનનારે આ કામના આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપેલી અને ફરિયાદમાં તેમણે જણાવેલ કે આ કામના જયસુખભાઈ અરજણભાઈ ખેતરીયા તેમની ઈચ્છા વિરૂધ્ધ તેમનું અપહરણ કરી લઈ ગયેલા, તે બાબતની તેઓએ ચલાલા પો.સ્ટે.માં આ કામના આરોપી જયસુખભાઈ અરજણભાઈ ખેતરીયા તથા બીજા આરોપી કે જેણે મદદગારી કરેલી તેમના વિરૂધ્ધ આપતા આ બાબતો ગુન્હો ચલાલા પો.સ્ટે.માં ગુ.રજી.નં. ફર્સ્ટ ૨૪/૨૦૧૭ થી આઈ.પી.સી. ૩૬૬, ૩૭૬, ૧૧૪ વિગેરે મુજબનો ગુન્હો નોંધાયેલો, ત્યારબાદ તપાસના અંતે આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલું.

આ કામે ચાર્જશીટ થયા પછી ધારીનાં એડીશનલ સેશન્સ જજ કે.એસ.પટેલ સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ, અને ફરિયાદ પક્ષ તરફથી પોતાનો કેસ સાબીત કરવા માટે લેખીત તથા ઘણા મૌખિક પુરાવાઓ રજૂ કરવામાં આવેલ અને તેમ છતાં આ કામનાં ફરિયાદી પોતાનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ જતાં આ કામના બંને આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપીઓ તર્ફે અમરેલીનાં સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા એડવોકેટ વી.એ. વાળા તથા એડવોકેટ યુ.એચ. દેવાયતકા રોકાયેલ હતા. આમ આ કામના આરોપીઓને એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોને ધ્યાને લઈ કોર્ટ દ્વારાફ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ એડિશનલ સેશન્સ જજ કે.એસ. પટેલ દ્વારા કરવામાં આવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૮૦ | ૧૬૪૫ |
| ૨ | મગફળી | ૧૧૫૦ | ૧૩૩૩ |
| ૩ | જીરૂ | ૭૯૫૦ | ૮૩૦૦ |
| ૪ | ઘઉં | ૪૧૦ | ૪૫૦ |
| ૫ | ચણા | ૯૧૦ | ૯૮૦ |
| ૬ | ધાણા | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ૭ | મેથી | ૧૦૦૦ | ૧૧૬૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૬ | ૧૫૭૬ |
| ૨ | મગફળી | ૧૨૭૫ | ૧૪૬૦ |
| ૩ | ઘઉં | ૩૫૧ | ૪૫૧ |
| ૪ | ચણા | ૭૫૧ | ૯૩૭ |
| ૫ | તુવેર | ૧૫૫૨ | ૧૫૫૨ |
| ૬ | ધાણા | ૧૧૫૭ | ૧૧૫૭ |
| ૭ | એરંડા | ૧૧૦૮ | ૧૧૭૦ |
| ૮ | સોયાબીન | ૯૭૫ | ૯૭૫ |
| ૯ | સફેદ તો | ૨૯૯૧ | ૨૯૯૧ |
| ૧૦ | મેથી | ૧૧૨૦ | ૧૨૫૦ |
| ૧૧ | રાઈ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૨ | જીરૂ | ૮૦૫૦ | ૮૦૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૬૩૬ |
| ૨ | ધાણા | ૧૧૩૧ | ૧૧૬૬ |
| ૩ | ચણા | ૭૧૦ | ૯૩૮ |
| ૪ | ઘઉં લોકવન | ૩૮૫ | ૪૪૨ |
| ૫ | રાય | ૮૪૫ | ૮૪૫ |
| ૬ | મેથી | ૧૧૨૫ | ૧૧૮૨ |
| ૭ | સોયાબીન | ૯૮૬ | ૯૮૬ |
| ૮ | મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૩૪ |
| ૧૦ | એરંડા | ૧૧૬૯ | ૧૧૬૯ |
| ૧૧ | મગફળી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૨ | શીંગ ફાડા | ૧૬૩૫ | ૧૬૫૫ |
| ૧૩ | લસણ | ૫૦ | ૫૦ |
| ૧૪ | સફેદ તલ | ૨૮૦૨ | ૨૮૦૨ |


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ **કુલદિપ વિ. ભટ્ટ** એ લાગતાવળગતા સર્વે ને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે, **અમારા અસીલ (૧) રમજાનભાઈ પ્યારઅલી જીવાણી (૨) ફિરોજભાઈ પ્યારઅલી જીવાણી રે. બાબરા તા. બાબરા વાળા,**

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના બાબરા શહેરમાં આવેલ રહેણાક હેતું વાળી સીટીસર્વે નંબર– ૨૨૫૭ જેના ચો.મી. ૨૮૪.૫૭ વાળી મિલ્કત અમારા અસીલશ્રીઓએ ઉતરોતર વારસાઈ હકકે પ્રાપ્ત થયેલ છે. આ મિલકત અમારા બન્ને અસીલશ્રીઓના નામે સીટીસર્વે કચેરીના રેકર્ડ પર નોંધાયેલ છે.

આ મિલ્કત સબંધે અમારા અસીલશ્રી એ અમારી પાસે ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૩ (ત્રણ)માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી. અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તા. ૦૭/૦૫/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
(એડવોકેટ)


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૩૫૧ | ૫૪૫ |
| ૨ | જુવાર | ૫૦૦ | ૯૩૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૩૦ |
| ૪ | મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૫ | સોયાબીન | ૯૫૦ | ૯૫૦ |
| ૬ | તુવેર | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૭ | ચણા | ૭૫૦ | ૯૭૧ |
| ૮ | ધાણા | ૯૦૦ | ૯૦૦ |
| ૯ | અજમા | ૫૦૦ | ૨૦૦૦ |
| ૧૦ | શીંગ | ૧૩૦૦ | ૧૩૦૦ |

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા બુધવારે ૨૫૪મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાશે

ચલાલા, તા. ૬

ચલાલા–વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાનાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૦/૫/૨૩ બુધવારનાં રોજ ૨૫૪મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિનાં ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

સ્વ. બાબુદાદા રૂપારેલીયાના સ્મરણાર્થે હસ્તે શૈલેષભાઈ, રેખાબેન, નિકીન, અમીષા, લીટલ, અવાનાં આર્થિક સહયોગથી યોજાનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓને આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાંતના તમામ રોગો જેવા કે દાંત કાઢવા, ચાંદી પુરવી વગેરેની સારવાર વિનામૂલ્યે આપવામાં આવશે.

હરિબા મહિલા કોલેજમાં દિકરી માટે બી.પી.ઈ.એસ.(સ્પોર્ટસ), આર્ટસ, કોમર્સ, બી.સી.એ. કોલેજ જેનું પ્રવેશ કાર્ય શરૂ છે.

ઉપરોકત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે.

કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિનામૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુનાં ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પૂ. રતિદાદાની એક યાદીમાં જણાવાયું છે.

## સાવરકુંડલાનાં પત્રકાર દિપક પાંધીનો જન્મદિવસ



સાવરકુંડલા, તા. ૬


સાવરકુંડલા ખાતે પત્રકારીત્વ ક્ષેત્રે સેવા આપતા ઉત્સાહી અને ઊંડી સૂઝ બુઝ ધરાવતા પત્રકાર દિપક પાંધીનો આજે જન્મદિવસ છે પત્રકાર દિપક પાંધી જીવન યાત્રાના ૫૫ વર્ષ પૂરા કરી ૫૬ માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે ૧૯૮૫ ના વર્ષથી પિતાના પગલે સમાજને તટસ્થ માહિતી આપવા પત્રકારત્વની સેવા સ્વીકારી ગુજરાતના અગ્રણી અખબારમાં પત્રકાર તરીકે ફરજ બજાવી ચૂકૂયા છે.

દીપક પાંધી સમાજના તમામ ક્ષેત્રના આગેવાનો, કાર્યકર મિત્રો, સંસ્થાઓ સાથે વ્યાપક સંપર્ક ધરાવે છે. તલસ્પર્શીય સમાચારો મેળવી ઝડપથી વાચકો સુધી પહોંચાડવા ખોટું કરવું નહીં અને ખોટું કરનારને સહકાર આપવો નહીં લાયકાત કે યોગ્યતા વગર કોઈને ખોટી પ્રસિદ્ધિ આપવી નહીં અને લાયક સેવાકીય સંસ્થાઓ, કાર્યકરો, સામાજિક આગેવાનોની સેવા પ્રવૃત્તિને સમાજ સમક્ષ રજૂ કરવી આમ જનતાનાં પ્રશ્નોને અખબારના માધ્યમથી વાચા આપવી તેવા વારસામાં મળેલા નિષ્ઠા અને પ્રમાણિકતા સાથેના રચનાત્મક પત્રકારત્વનો સિદ્ધાંત સ્વીકારી પત્રકારીત્વ ક્ષેત્રે અદકેરું સ્થાન હાસલ કર્યુ છે. રચનાત્મક તેમજ પ્રમાણિક પત્રકારત્વ અને સૌમ્ય સ્વભાવથી સમાજમાં લોકપ્રિય બનેલા પત્રકાર દિપક પાંધીને જન્મદિન નિમિત્તે મિત્રો, સ્નેહીજનો, રાજકીય – સામાજિક આગેવાનો સાથી પત્રકાર મિત્રો તરફથી મોબાઈલ નંબર ૯૩૭૭૪ ૪૬૯૫૦ ઉપર શુભેચ્છાઓ વરસી રહી છે.

### ગાંધીનાં ગુજરાતમાં દારૂની હેરફેર અટકાવવાનો પ્રયાસ

# ઉના : ક્રાઈમબ્રાન્ચે અહેમદપુર માંડવી ચેકપોસ્ટ પરથી વિદેશીદારૂની હેરફેર ઝડપાઈ

### ૨ બાઈકમાં સવાર ૪ આરોપી વિરૂદ્ધ કાર્યવાહી




ઉના, તા. ૬

ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે બુટલેગરો અવનવા કિમીયાઓ કરી રહ્યા હોય છે ત્યારે કેન્દ્ર શાસિત પ્રદેશ દિવને અડીને આવેલ અહેમદપુર માંડવી ચેકપોસ્ટ તથા તડ ચેક પોસ્ટ પર પોલીસ દ્વારા સઘન ચેકીંગ કરવામાં આવી રહ્યુ છેઉ

ત્યારે ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમના પ્રવીણ મોરી, રાજુ ગઢીયા, સંદીપ ઝણકાટ સહિતનો સ્ટાફ અહેમદપુર માંડવી ચેક પોસ્ટ પર હોય ત્યારે દીવ તરફથી આવી રહેલ બાઈક નં જીજે૦૩એલપી ૯૬૨૭ જેની કિ.૧ લાખને રોકાવી તપાસ કરતા પ્લાસ્ટિકના ઝબ્લામાં વિદેશી દારૂ મળી આવેલ હતો તેમજ અન્ય મોપેડ બાઈક નં જીજે૩૨કયું ૨૭૯૯ જેની કિ ૩૦ હજારને રોકાવી તપાસ કરતા બનાવેલ ચોરખાનામાંથી વિદેશી દારૂની બોટલ નંગ ૪૨૮ જેની કિ.૨૧ હજાર ૪૫૦ તેમજ ૩ મોબાઈલ ફોન જેની કિ.૧૦ હજાર મળી કુલ ૧ લાખ ૬૧ હજાર ૪૫૦ ના મુદ્દામાલ સાથે ધર્મેશભાઈ નાનજીભાઈ બાબરીયા રહે.ઉના, ઋત્વિકભાઈ વીરજીભાઈ વાજા રહે. ઉના, મંજુલાબેન મંગાભાઈ પરમાર રહે.ગાંગડા તા.ઉનાવાળાઓને પોલીસે ઝડપી પાડયા હતા જયારે પકડાયેલ બુટલેગરોને દારૂ પૂરો પાડનાર જય અંબે બાર વાળા ધર્મેન્દ્રભાઈ જેઠાભાઈ બારૈયા રહે.ઘોઘલા જી.દિવવાળાને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતીમાન કર્યા હતા.

### રાજય સરકારનો ખેડૂતનાં હિતમાં નિર્ણય

# અમરેલી જિલ્લાનાં ૯ તાલુકાનાં ખેડૂતોને કમોસમી વરસાદથી થયેલ નુકસાન અંગે સહાય મળશે

### યુવા નેતા મનિષ સંઘાણીએ સરકારનો આભાર માન્યો

અમરેલી, તા. ૬

રાજય વર્ષ ૨૦૨૨–૨૩માં કમોસમી વરસાદથી ઉદ્‌ભવેલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર દ્વારા ખેડુતો માટે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી છે. ત્યારે ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર તેમજ ગુજરાત રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ, અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા અભિનંદન સાથે આભાર વ્યકત કર્યો હતો અને વધુમાં આ પેકેજ બાબતે વાત કરતા જણાવ્યું હતું કે, તારીખ ૪/૩/૨૦૨૩ થી ૨૪/૩/૨૦૨૩ દરમિયાન ગુજરાતના વિવિધ જીલ્લામાં કમોસમી વરસાદ થયો હતો. જેમાં શિયાળુ પિયત પાકમાં ઘઉં, ચણા, ઈસબગુલ, તમાકુ, રાઈ, જીરૂ, લસણ, ડુંગળી, શાકભાજી વગેરે પાકો તથા કેળા, પપૈયા, તરબૂચ, ટેટી જેવા પાકો તેમજ વર્ષાયુ બાગાયતી પાકોને નુકસાન થયું છે. તે ઉપરાંત બહુવર્ષાયુ બાગાયતી પાકોમાં આંબા, લીંબુ, જામફળ વગેરેને નુકસાની થઈ છે અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલ આંકલન મુજબ આ રાહત પેકેજમાં ૧૩ જીલ્લાના ૪૮ તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારે તેમાં અમરેલી જીલ્લાનાં ૯ તાલુકા જેમાં અમરેલી, કુંકાવાવ, બગસરા, લાઠી, ધારી, સાવરકુંડલા, ખાંભા, રાજુલા, જાફરાબાદ તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ખેતીમાં ૩૩% વધુ નુકસાનીવાળા અને ૨ એકરની મર્યાદામાં નુકસાનીનું વળતર ચૂકવવામાં આવશે. સાથે સાથે બાગાયતી પાકોમાં એકરે એસ.ડી.આર.એફ. દ્વારા ૧૩૫૦૦ અને રાજય ભંડોળમાંથી ૯૫૦૦ આમ કુલ મળી રૂા. ૨૩૦૦૦ જયારે બહુવર્ષાયુ બાગાયરમાં એસ.ડી.આર.એફ. એકરનાં રૂા. ૧૮૦૦૦ અને રાજય ભંડોળમાંથી વધારાના ૧૨૬૦૦ એમ કુલ મળીને રૂપિયા ૩૦૬૦૦ મળવા પાત્ર થશે તેમજ સાથે સાથે યુવા નેતા દ્વારા જે ખેડૂતો રજીસ્ટ્રેશન કરવાનું હોય તેવો ઝડપથી રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરાવવા અને કૃષિ રાહત પેકેજ છેવાડાના ખેડૂત સુધી લાભ પહોંચે જેના માટે જણાવ્યું હતું.

# ઉના પ્રાંત કચેરી ખાતે સંકલન સમિતિની બેઠક મળી





ઉના, તા. ૬

ઉના પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારી રાવલ ના અધ્યક્ષ સ્થાને ઉના તાલુકા સંકલન અને ફરિયાદ સમિતિની મિટિંગ યોજાઈ હતી જેમાં ઉના શહેર તાલુકા અને ગીરગઢડા તાલુકાના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ અંગે ઉના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ સાથે વિવિધ મુદે ચર્ચા કરી નિરાકરણ માટે પ્રયત્નો કરેલ હતા. આ યોજાયેલ મીટીંગમાં ઉના મામલતદાર આર.આર. ખાંભરા, ઉના–ગીર ગઢડા તાલુકા વિકાસ અધિકારી,સિંચાઈ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર જે.જે.પટેલ તેમજ ઉના તાલુકા પંચાયતના પ્રમુખ પાચીબન ચારણીયા, જીલ્લા પંચાયત ના સદસ્ય ડાયાભાઈ જાલાન્ધ્રા સહિત જુદા જુદા વિભાગોના અધિકારી આ ઉપસ્થિત રહ્યા હતા

### શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાતની માંગ

# લીલીયા અને બાબરા પંથકનો કૃષિ રાહત પેકેજ યોજનામાં સમાવેશ કરવો જરૂરી

### રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો






અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાનાં ચાલુ વર્ષે માર્ચ–૨૦૨૩ તા.૪/૩/૨૦૨૩ થી આજદિન સુધી કમોસમી વરસાદ કૃષિ અને બાગાયતી પાકોને ખુબજ નુકશાન થયેલ છે. જેમાં સરકાર દ્વારા તા.૦૫/૦૫/૨૦૨૩ ના રોજ કૃષિ રાહત પેકેજ–૨૦૨૩ જાહેર કરેલ છે. જેમાં અમરેલી જિલ્લાનાં લીલીયા અને બાબરા તાલુકાનો સમાવેશ કરેલ નથી પરંતુ ખરી હકિકતમાં સમગ્ર અમરેલી જિલ્લાનાં તમામ તાલુકામાં ઘંઉ, ચણા, જીરૂ, ધાણા, લસણ, ખેડૂતોનાં હિતમાં લીલીયા તથા બાબરા તાલુકાનો સમાવેશ કરવા જિલ્લા શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

# અમરેલી ખાતે CPR ટ્રેનિંગ અને સ્વાસ્થ્ય જાગૃતિ પરિસંવાદ યોજાયો



અમરેલી, તા. ૬

અમરેલી જીલ્લા તાલીમ કેન્દ્ર, પોલીસ હેડ કવાટર્સ ખાતે તા.૬ના રોજ CPR ટ્રેનિંગ અને સ્વાસ્થ્ય જાગૃતિ પરીસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ CPR ટ્રેનિંગ અને સ્વાસ્થ્ય જાગૃતિ પરીસંવાદ કાર્યક્રમનો હેતુ વર્તમાન સંજોગોમાં નાગરિકોમાં હાર્ટએટેક/કાર્ડિયાક અરેસ્ટથી થતા મૃત્યુદર ઘટાડવા અને સ્વાસ્થ્ય જાગૃતિ અંગે પોલીસ અધિકારી/કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપવાનો હતો. શ્રીબજરંગદાસ બાપા આરોગ્યધામ પાનવાડી, ભાવનગર ના ડોકટર વિપુલ પારેખ તેમજ ડોકટર હીરેન કવા ક્રિટીકલ કેર સ્પેશ્યાલિસ્ટ દ્વારા હાર્ટએટેક/કાર્ડિયાક અરેસ્ટ કેવી રીતે ઓળખવો અને કોઈ મેડીકલ સહાય ન આવે ત્યાં સુધી કોઈપણ સાધન અને દવા વિના જીવન કેવીરીતે બચાવવું તે વિશે સમજાવી અને ડમી ડેમોસ્ટ્રેટ કરવામાં આવેલ.

આ CPR ટ્રેનિંગ અને સ્વાસ્થ્ય જાગૃતિ પરીસંવાદ કાર્યક્રમ માં કુલ ૨૦૦ થી વધારે પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ હાજર રહેલ.

# સા.કુંડલા : સેવાભાવી મેહુલભાઈ દ્વારા ૫૦૦મું ચક્ષુદાન સ્વીકારવામાં આવ્યું



સાવરકુંડલા, તા. ૬

મેહુલભાઈ વ્યાસ કે જેઓ સાવરકુંડલા શહેરમાં ગજાનન લેબોરેટરી ચલાવે છે અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી–સાવરકુંડલામાં સેક્રેટરી તરીકેની ઉમદા ફરજ બજાવે છે.

છેલ્લા ૧૩ વર્ષથી અંધજનોને પ્રત્યેની પોતાની લાગણીને મૂર્તિમંત કરવા અને પોતાના આ કાર્યથી વધુમાં વધુ અંધજનોને દષ્ટિ મળે તેવા ઉમદા આશયથી જયારે કોઈપણ જ્ઞાતિમાં અવસાન થાય એટલે તરત તેમના સ્નેહીજનોની પરવાનગી લઈને સ્વર્ગસ્થનું ચક્ષુદાન સ્વીકારે છે.

મેહુલભાઈ સમગ્ર અમરેલી જિલ્લાના કોઈપણ સ્થળે આ રાત–દિવસ જોયા વિના ચક્ષુદાન સ્વીકારવાની પ્રવૃત્તિ સ્વખર્ચે કરે છે. પોતાના લેબોરેટરીના વ્યવસાયમાં અતિ વ્યસત હોવા છતાં પણ જયારે તેઓને કોઈના અવસાનના સમાચાર મળે અને તેના સ્વજનો ચક્ષુદાન માટે રજા આપે એટલે ટાઢ, તડકો, વરસાદની પરવા કર્યા વિના લેબોરેટરી છોડી તેઓ તુરંત જે તે સ્થળે પહોંચી અને ચક્ષુદાન સ્વીકારે છે અને ચક્ષુદાન સ્વીકાર્યા બાદ તે આંખોને સુરક્ષિત રીતે આઈ બેંકમાં મોકલી આપે છે.

મેહુલભાઈ વ્યાસ ચક્ષુદાન પ્રવૃત્તિની સાથે સાથે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે, બ્લડ કેમ્પ, થેલેસેમિયા કેમ્પ, એલ્ડરલી હોમ કેર આસીસ્ટન્ટ કોર્ષ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ કોર્સ જેવી પ્રવૃતિઓમાં પણ હંમેશા અગ્રેસર હોય છે.

મેહુલભાઈ વ્યાસની સેવાકીય પ્રવૃત્તિની નોંધ લઈ ગુજરાતના રાજયપાલના વરદ્ હસ્તે તેઓને આજ સુધીમાં ૧૩ એવોર્ડ મેળવ્યા છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાએ કરી માંગ

# લીલીયા પંથકનો કમોસમી વરસાદથી થયેલ નુકસાનીનાં રાહત પેકેજમાં સમાવેશ કરો

### રાજયનાં કૃષિમંત્રી રાઘવજી પટેલને પત્ર પાઠવ્યો



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે –૨૦૨૩માં થયેલ કમોસમી વરસાદનાં કારણે કૃષી અને બાગાયતી પાકોને ખુબજ નુકશાન થયેલ જેમા, નુકશાની અંગેનો સર્વે કરવા માટે લીલીયા તાલુકાનો સમાવેશ થયેલ ન હતો તેથી, આ સર્વેમાં લીલીયા તાલુકાને સમાવેશ કરવા પત્રથી આપને રજુઆત કરવામાં આવેલ છે.

તાજેતરમાં સરકાર દ્વારા કૃષી રાહત પેકેજ–૨૦૨૩ જાહેર કરેલ છે. જેમાં, લીલીયા તાલુકાનો સમાવેશ કરેલ નથી પરંતુ ખરી હકીકતે સાવરકુંડલા, લીલીયા તાલુકામાં ઘંઉ, ચણા, ડુંગળી, ઘાણા, લસણ, તલ, જીરૂ અને શાકભાજી તેમજ બગાયતી પાકોનું નુકશાન થયેલ છે. આ નુકશાનીનાં વળતર રૂપે લીલીયા તાલુકાનાં ખેડૂતોનાં હિતમાં લીલીયા તાલુકાનો સમાવેશ કરવા અને નિયમ મુજબ રાહત સહાય મળે તે માટે યોગ્ય કરવા ધારાસભ્ય મહેશ કસવાલાએ કૃષિમંત્રી રાઘવજી પટેલને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

### ભાવનગર ખાતે તાજેતરમાં સ્પર્ધા યોજાઈ

# ધારીની ઈવા ચાવડા રાજયકક્ષાની કરાટે સ્પર્ધામાં ત્રીજા સ્થાને વિજેતા

### ચાવડા પરિવારનું ગૌરવ વધારતી ઘટના



ધારી, તા. ૬

ભાવનગર મુકામે રાજયકક્ષાની કરાટે સ્પર્ધા યોજાયેલ હતી જેમાં સમગ્ર રાજયનાં ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. આ સ્પાર્ધમાં ધારીનાં સિનિયર એડવોકેટ આનંદભાઈ ચાવડાની પુત્રી ઈવા ચાવડા દ્વારા આ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો અને રાજયકક્ષાએ ત્રીજુ સ્થાન મેળવી જળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. આ અગાઉ ઈવા દ્વારા જિલ્લા કક્ષાએ યોજાયેલ કરાટે સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. જેમાં તેણીએ પ્રથમ સ્થાન મેળવેલ હતું. ઈવા ચાવડાએ રાજયકક્ષાની કરાટે સ્પર્ધામાં ત્રીજુ સ્થાન મેળવી ચાવડા પરિવાર તેમજ ધારી શહેરનું નામ સમગ્ર રાજયમાં રોશન કરેલ છે.

### સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાનું ઉમદા કાર્ય

# કુંકાવાવમાં પગાર ખાતુ ધરાવતાં ગ્રાહકનાં મૃત્યુ કેસમાં વીમાની રકમ ચુકવાઈ

### મૃતકનાં પત્નીને ચેક અર્પણ કરવામાં આવ્યો




કુંકાવાવ, તા. ૬

કુંકાવાવ રેલ્વે કર્મચારી રાજેશભાઈ ડાભીનું છ માસ પહેલા અકસ્માતમાં મૃત્યુ થતાંને કર્મચારીનું કુંકાવાવ એસબીઆઈ બેન્કમાં સેલેરી એકાઉન્ટ ધરાવતા હોય જેથી બેન્ક દ્વારા આ મૃત્કના પત્નીને એસબીઆઈ દ્વારા આવા એકાઉન્ટધારકે ૧ લાખ વીમાની રકમ મળતી હોય જેની કુંકાવાવ બ્રાન્ચનાં મેનેજરે મૃતકનાં પત્નીને બેન્ક દ્વારા અપાતા વીમાની રકમ મળે તે માટે જરૂરી કાર્યવાહી કરીને ટુંકા સમયમાં મૃતકનાં પત્ની કીરણબેન ડાભીને રૂપિયા એક લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આમ બેન્ક દ્વારા મળતો લાભ ગ્રાહકો ટુંકાગાળામાં અપાવીને કુંકાવાવ એસ.બી.આઈ બેન્ક દ્વારા માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું હતું.

યુરોલોજી વિભાગ
મુખ્યમંત્રી અમૃતમ્ (માં) તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારતનાં કાર્ડ ધારકોને પ્રોસ્ટેટ, કિડનીમાં પથરી અને મુત્રમાર્ગનાં રોગોના ઓપરેશનનો વિના મૂલ્ય મફતમાં...
ડૉ. નીત ચોટાઇ
MBBS MS,
D.N.B. Urology
પથરી, કિડની, પ્રોસ્ટેટ તથા મૂત્રમાર્ગના નિષ્ણાંત ડોક્ટર
- કિડનીને લગતા રોગો તથા કિડનીમાં પથરીના દુરબીનથી ઓપરેશન
- પ્રોસ્ટેટને લગતી સમસ્યાઓના દુરબીનથી ઓપરેશન
- પેશાબની થેલીમાં થતી ગાંઠના ઓપરેશન
- પેશાબમાં લોહી નીકળવું નિદાન અને સારવાર
- પેશાબની ધાર નબળી અથવા ત્રુટક હોવી
- પેશાબની નળી સાંકડી થઈ જાય તેનું દુરબીનથી ઓપરેશન
- પેશાબમાં ચેપ કે લીકની સમસ્યા
- પેશાબ બહાર આવવામાં વાર લાગવી અથવા સંકોચ થવો
- કિડની અને પ્રોસ્ટેટના કેન્સરની સારવાર.
કોમ્પ્યુટર ઓપરેટર (ફિમેલ) જોઈએ છે
ઓ.પી.ડી.નો સમય સવારે ૯ થી બપોરે ૧ કલાક તથા સાંજે ૫ થી રાત્રે ૮ સુધી
ઉપલબ્ધ સેવાઓ
પ્રોસ્ટેટ, કિડની સ્ટોન વગેરેના ઓપરેશનો એન્ડોસ્કોપી (દુરબીન)થી મુખ્યમંત્રી અમૃતમ્ (માં) તથા પ્રધાનમંત્રી આયુષ્માન ભારત કાર્ડ ધારકોને મફતમાં ઓપરેશનો...
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા જનરલ હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત્ત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

Sheetal


• પંજાબી ફૂડ
• સાઉથ ઈન્ડીયન ફૂડ
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 02792-220867 - 95109 59954
સમય : સવારે 08:00 થી રાત્રે 11:00
આજે જ પધારો, આપની એક મુલાકાત કાયમી યાદગાર બની રહેશે...

### સબમર્સીબલ પંપ શરૂ કરવા જતાં બનાવ બન્યો

# અરેરાટી : અમરેલીનાં યુવકનું ઈલેક્ટ્રીક શોક લાગવાથી કમકમાટીભર્યુ મોત થયું

અમરેલી, તા. ૬
અમરેલીનાં મોટા કસ્બાવાડ વિસ્તારમાં રહેતા કાસમભાઈ ઉંમરભાઈ મજીઠીયા નામનાં ૩૮ વર્ષિય યુવક તા. ૫ નાં રોજ સવારે આઠ કલાકે પોતાના રહેણાંક મકાને સબ મર્શીબલ પંપ શરૂ કરવા જતાં તેમને ઈલેક્ટ્રીક શોક લાગતા તેમનું મોત નિપજયાનું અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં જાહેર થવા પામેલ છે.

LG BEST SHOP
Introducing
AI DUAL Inverter


ALL IN ONE
ONE IN ALL
DUALCOOL
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૧
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૪૯૯૮

લોહાણા સગપણ સેવા... એક મિશન... એક ધ્યેય....
લોહાણા સગપણ માહિતી કેન્દ્ર પોરબંદર દ્વારા ફરી એકવાર
અમરેલી લોહાણા મહાજનના શુભેચ્છા સહકાર સાથે
લોહાણા લગ્નોત્સુક યુવક/યુવતિ ઉમેદવારો માટે
આયોજન તા. ૨૮-૦૫-૨૦૨૩ સવારે ૧૦ થી ૫ સુધી
યુવા પરીચય - ૨૦૨૩
યુવતિ ઉમેદવારો માટે વિનામુલ્યે રજીસ્ટ્રેશન સાથે સરપ્રાઈઝ ગીફ્ટ
: સ્થળ :
લોહાણા મહાજનવાડી, લાઠી રોડ, અમરેલી.
કુંવારા, સગપણ કેન્સલ/ડીવોર્સી/વિધવા/વિધુર વિગેરે માટે...
જીવનસાથી પસંદગી માટેનું માધ્યમ
ઉમેદવારોનું બાયોડેટા રજીસ્ટ્રેશન ચાલુ છે છેલ્લી તા. ૧૫-૦૫-૨૦૨૩ છે.
ફોર્મ/માહિતી માટે અમરેલીમાં સંપર્ક.
રોમીલભાઈ ગઢીયા (સેવાભાવી પ્રતિનીધી) ■ 7016645895 અથવા
આયોજક સુરેશભાઈ બાટાઈ ■ 7383668002
હરીશભાઈ પોપટ ■ 9228382944, હિતેશભાઈ ઉનડકટ ■ 7383668006
લોહાણા સગપણ માહિતી કેન્દ્ર પોરબંદર
૧૬, નવો કુંભારવાડો, પાટા પાસે, જયુબેલી રોડ, પોરબંદર.

## દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ

# શ્રધ્ધાંજલિ

મનુષ્યનું જીવન મળવું એ ભાગ્યની વાત છે,
મૃત્યુ થવુ એ સમયની વાત છે,
પરંતુ મૃત્યુ પછી પણ મનુષ્યના હૃદયમાં જીવીત રહેવું
એ જીંદગીમાં કરેલા કર્મોની વાત છે,
તમે અમારા હૃદયમાં સ્મૃતિરૂપે કાયમ જીવીત છો,
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...

લી.

મિલાપભાઈ હીરાલાલ રૂપારેલ - વૈશાલીબેન મિલાપભાઈ રૂપારેલ
દ્રષ્ટિ એમ. રૂપારેલ - જીનલ કૃણાલકુમાર જોષી

સ્વ. શૈલેષભાઈ હીરાલાલ રૂપારેલ - ગં.સ્વ.પ્રિતીબેન શૈલેષભાઈ રૂપારેલ
યશ શૈલેષભાઈ રૂપારેલ

મનોજભાઈ હીરાલાલ રૂપારેલ - કલ્પનાબેન મનોજભાઈ રૂપારેલ
દિયા-નિધિ એમ. રૂપારેલ

અશ્વિનભાઈ હીરાલાલ રૂપારેલ - શીતલબેન અશ્વિનભાઈ રૂપારેલ
હેન્સી-ક્રિશ એ. રૂપારેલ

અમરેલી

રાજેશભાઈ હીરાલાલ રૂપારેલ - નેહાબેન રાજેશભાઈ રૂપારેલ
આયુષ રાજેશભાઈ રૂપારેલ

અમદાવાદ



## સ્વ. જયાબેન હીરાલાલ રૂપારેલ

(ઉ.વ.૯૦)
સ્વ.તા. ૮-૫-૨૦૨૧, શનિવાર.
અમરેલી

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)